**આજનો સુવિચાર**

શકિતશાળી માણસનું અભિમાન પરાજીત થાય છે, નાના માણસની શ્રધ્ધા જીતી જાય છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૩૧૮ જૂનાગઢ તા. ૧૫-૧૨-૨૦૨૨ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


## શંકર ચૌધરી ગુજરાત વિધાનસભાનાં નવા અધ્યક્ષ, જેઠા ભરવાડ ઉપાધ્યક્ષ બનશે

ગાંધીનગર તા. ૧૫

૧૫મી વિધાનસભામાં ચૂંટાયેલી નવી સરકારે હવે કામગીરી શરૂ કરી દીધી છે. ત્યારે હવે ભાજપ દ્વારા વિધાનસભાના સ્પીકર તરીકે શંકર ચૌધરીનું નામ નક્કી કરવામાં આવ્યું છે. તેઓ બનાસકાંઠા જિલ્લાની થરાદ બેઠક ઉપરથી ચૂંટાયા છે, ૧૫મી વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે પંચમહાલની શહેરા બેઠકના ધારાસભ્ય જેઠા ભરવાડનું નામ નક્કી કરાયું છે.

૧૨ ડિસેમ્બરે ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રીપદના શપથ લીધા હતા ત્યારે જ વિધાનસભા અધ્યક્ષ તરીકે શંકર ચૌધરીનું નામ ચર્ચામાં હતું. ત્યારે વિધાનસભા અધ્યક્ષની રેસમાં રમણ વોરા અને ગણપત વસાવા પણ હતા. જોકે વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે માત્ર જેઠા ભરવાડનું નામ ચર્ચામાં હતું. હવે સત્તાવાર રીતે ભાજપે સ્પષ્ટ બહુમતી હોવાના કારણે શંકર ચૌધરીને વિધાનસભાના અધ્યક્ષ બનાવશે. શંકર ચૌધરી ૧૯૯૭માં રાધનપુરમાંથી તત્કાલિન મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા સામે માત્ર ૨૭ વર્ષની વયે વિધાનસભાની તેમની પ્રથમ ચૂંટણી લડ્યા હતા. જો કે, ત્યારબાદ ૧૯૯૮માં યોજાયેલી ચૂંટણીમાં તેઓ રાધનપુર મતવિસ્તારમાંથી વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. તેમણે ૨૦૧૪ માં રાજયકક્ષાના પ્રધાન તરીકે શપથ લીધા હતા. તેઓ બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક અને બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ સંઘ, પાલનપુર (બનાસ ડેરી) ના અધ્યક્ષ, ગુજરાત રાજ્ય સહકારી બેંકના વાઈસ-ચેરમેન અને ગુજરાત પ્રદેશના જનરલ સેક્રેટરી તરીકે પણ સક્રિય છે. ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વાવમાંથી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોર સામે હારી ગયા હતા. વાવમાંથી હાર્યા બાદ ભાજપે ૨૦૨૨ની ચૂંટણીમાં થરાદની ટિકિટ આપી હતી જયાંથી શંકર ચૌધરીની જીત થઈ હતી.

## અમેરીકાની ફેડ રીઝર્વએ ફરી વ્યાજદરમાં વધારો કર્યો : વૈશ્વિક અર્થવ્યવસ્થા ઉપર અસર પડશે

ન્યુયોર્ક,તા. ૧૫ :

અમેરીકાની ફેડ રિઝર્વે ફરી એકવાર પોલિસી રેટ વધારવાનો નિર્ણય લીધો છે. ગઈ કાલે બુધવારે રાત્રે (ભારતીય સમય મુજબ), ફેડ રિઝર્વે પોલિસી રેટમાં ૦.૫૦ ટકાનો વધારો કરવાની જાહેરાત કરી હતી. ફુગાવાને કાબૂમાં રાખવા માટે અમેરિકાની સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વે આ વર્ષે સતત ૭મી વખત પોલિસી વ્યાજ દરમાં વધારો કર્યો છે. જોકે આ વખતે વ્યાજ દરમાં વધારો પહેલા કરતા ઓછો થયો છે. પરંતુ ફેડ રિઝર્વેએ ભવિષ્યમાં પણ દરમાં વધારાનો સંકેત આપ્યો છે.

અમેરિકાની કેન્દ્રીય બેંક દ્વારા પોતાના વ્યાજ દરમાં અડધા ટકા પોઈન્ટના વધારા પછી, યુએસમાં બેન્ચમાર્ક રેટ ૪.૨૫% થી વધીને ૪.૭૫% થયો છે. જે છેલ્લા ૧૫ વર્ષમાં સૌથી વધુ છે. અગાઉ, ફેડ રિઝર્વે વ્યાજ દરમાં ૦.૭૫%નો વધારો કર્યો હતો. ફેડ રિઝર્વના પોલિસીમેકર્સે એવી પણ આગાહી કરીછે ટૂંકા ગાળામાં ૨૦૨૩ના અંત સુધીમાં બેન્ચમાર્ક દર ૫% અને ૫.૨૫% ની વચ્ચે પહોંચી શકે છે. એવું માનવામાં આવે છે કે આગામી ત્રણ ક્વાર્ટર માટે ફેડ રિઝર્વ દરમાં ૧% વધારો કરી શકે છે અને તેને આવતા વર્ષના અંત સુધી જાળવી રાખી શકે છે. વ્યાજ દર વધવાથી અમેરિકામાં ગ્રાહક અને બિઝનેસ લોન મોંઘી થશે. તેનાથી મંદીનું જોખમ વધુ વધી શકે છે.

## આર્થિક વિકાસ માટે ઘણા સુધારાની જરૂર છે - ભારતીય અર્થવ્યવસ્થા અને વિશ્વનાં દેશો માટે આગામી વર્ષ કપરૂ રહેશે : રઘુરામ રાજન

નવી દિલ્હી, તા.૧૫: રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં સામેલ થયેલા રિઝર્વ બેંકના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને કહ્યું કે આગામી વર્ષ ભારતીય અર્થવ્યવસ્થા તેમજ બાકીની દુનિયા માટે કપરું રહેશે.

તેમણે કહ્યું કે દેશના આર્થિક વિકાસ માટે ઘણા સુધારાની જરૂર છે. તેમણે કહ્યું કે નિમ્ન મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખીને નીતિઓ બનાવવી જોઈએ, જેઓ કોરોના વાયરસ રોગચાળાને કારણે સૌથી વધુ પીડાય છે. રઘુરામ રાજને નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો માટે અનુકૂળ વાતાવરણ બનાવવા અને ટકાઉ ઉર્જાના ક્ષેત્રમાં હરિયાળી ક્રાંતિને પ્રોત્સાહન આપવાની પણ હિમાયત કરી છે.

રાહુલ ગાંધી સાથેની વાતચીત દરમ્યાન રાજને કહ્યું કે દેશમાં આગામી ક્રાંતિ સર્વિસ સેક્ટરમાંથી થઈ શકે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, સ્થિરતા-ટકાઉપણું, ઉત્સર્જનની બાબતમાં પણ દેશમાં નવી પ્રકારની હરિયાળી ક્રાંતિ થઈ રહી છે અને જળવાયુ પરિવર્તનના પડકારને ધ્યાનમાં રાખીને પવન ચક્કી બનાવવામાં, ઈમારતોને હરિયાળી બનાવવામાં ભારત મોખરે રહી શકે છે. રઘુરામ રાજન રાહુલ ગાંધી સાથે વાત કરી રહ્યા હતા. રાહુલ ગાંધીની વાતચીતનો વીડિયો સોશિયલ મીડિયા ઉપર પણ અપલોડ કરવામાં આવ્યો હતો. રાજન સાથેની વાતચીતમાં ગાંધીજીએ ભારત, અમેરિકા અને અન્ય દેશોની વર્તમાન આર્થિક સ્થિતિ, નાના ઉદ્યોગો સામેના પડકારો, આર્થિક અસમાનતા અંગે તેમના મંતવ્યો પૂછ્યા. રાહુલે પૂછ્યું કે દેશમાં ચાર-પાંચ ઉદ્યોગપતિઓ સમૃધ્ધ થઈ રહ્યા છે, બાકીનો દેશ પાછળ છે અને ઉદ્યોગપતિઓના જૂથનું અલગ 'હિંદુસ્તાન' છે, જ્યારે ખેડૂતો અને અન્યનું બીજું 'હિંદુસ્તાન' છે, રાહુલ ગાંધીના કહેવા ઉપર રાજને કહ્યું કે તે એક મોટી સમસ્યા છે.

### ઈન્દોરમાં શાહરૂખ - દિપિકાનાં પુતળા સળગાવાયા

મુંબઈ તા.૧૫ : શાહરૂખખાન સ્ટારર ફિલ્મ 'પઠાન'નું ગીત 'બેશર્મ રંગ'માં એક્ટ્રેસ દીપિકા પદુકોણે પહેરેલી ભગવા રંગની બિકીનીને લઈને વિવાદ વધી ગયો છે. ઈન્દોરમાં લોકો 'પઠાન'ના વિરોધમાં લોકો રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા અને દીપિકા પાદુકોણ અને શાહરૂખખાનના પૂતળાનું દહન કર્યું હતું. આ મામલે એક્ટ્રેસ પાયલ રોહતગીએ પ્રતિક્રિયા આપી હતી કે આવું કરનારા લોકો બેવકૂફ છે.

દીપિકાએ તેની આગામી ફિલ્મ 'પઠાન'ના 'બેશર્મ રંગ' ગીતમાં પહેરેલી ભગવા બિકીનીને લઈને મધ્યપ્રદેશના ગૃહ રાજયમંત્રી નરોતમ મિશ્રાએ જણાવ્યું હતું કે ટુકડે ટુકડે ગેંગની સમર્થક દીપિકા પદુકોણના કપડા વાંધાજનક છે. 'બેશર્મ રંગ' ગંદી માનસિકતાથી ફિલ્માવવામાં આવ્યું છે. આ ફિલ્મના સીન્સ અને કપડાને ઠીક કરવામાં આવે, નહીં તો આ ફિલ્મને રિલીઝ નહી કરવા દેવાય. બીજી બાજુ 'પઠાન' ગીત વિરૂધ્ધ થઈ રહેલા દેખાવોને બોલીવુડની એક્ટ્રેસ પાયલ રોહતગીએ બેવકૂફી ગણાવી છે. તેણે જણાવ્યું હતું કે જે વાંધા ઉઠાવાયા છે તે પાયા વગરના છે. કલરને ટારગેટ ન કરવા જોઈએ. દીપિકાએ ધર્મ સાથે જોડાયેલા ભગવાનોની તસ્વીર બિકીનીમાં નથી રાખી, આ સંજોગોમાં માત્ર ક્લરને લઈને કોઈને ટારગેટ ન કરી શકાય. પાયલે વધુમાં જણાવ્યું હતું કે આ પ્રકારના વિરોધથી ફિલ્મને પબ્લીસીટી મળશે. ફાયદો થશે. બોયકોટ ટ્રેન્ડ ચલાવવાથી પણ ફિલ્મને ફાયદો જ થશે.

## સંઘ મહિલાઓનું દમન કરે છે : આરએસએસમાં કોઈ મહિલા નહી મળે : રાહુલ ગાંધી

નવી દિલ્હી તા. ૧૫ : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર મહિલાઓનું દમન કરવાનો આરોપ લગાવ્યો અને દાવો કર્યો કે આ જ કારણ છે કે આરએસએસ સંગઠનમાં મહિલા સભ્યો નથી. ભારત જોડો યાત્રાનું નેતૃત્વ કરી રહેલા રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે ભાજપ અને આરએસએસની યોજના ભય ફેલાવવાની છે અને તેમની કૂચ ડર અને નફરત વિરૂદ્ધ છે.

તામિલનાડુના કન્યાકુમારીથી ૭ સપ્ટેમ્બરે શરૂ થયેલી ભારત જોડો યાત્રા હાલમાં રાજસ્થાનમાંથી પસાર થઈ રહી છે. ૧૬ ડિસેમ્બરે આ યાત્રાના ૧૦૦ દિવસ પૂર્ણ થશે. બુધવારે સવાઈ માધોપુરના ભદોતીથી શરૂ થયેલી યાત્રા દૌસાના બાદશાહપુર પહોંચી છે.

પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે આરોપ લગાવ્યો કે ભાજપ અને આરએસએસ 'જય સિયારામ'ને બદલે 'જય શ્રી રામ' કહીને દેવી સીતાનું અપમાન કરી રહ્યાં છે. જય સિયા રામ ભગવાન રામ અને દેવી સીતા બંનેને સ્વીકારે છે. દૌસા જિલ્લાના બગડી ગામમાં એક શેરી સભાને સંબોધતા રાહુલે કહ્યું, 'તમને તેમના સંગઠનમાં એક મહિલા નહીં મળે. તમને RSSમાં એક મહિલા નહીં મળે. તેઓ મહિલાઓને દબાવી દે છે, તેઓ મહિલાઓને તેમના સંગઠનમાં પ્રવેશવા દેતા નથી.' 'રાષ્ટ્ર સેવિકા સમિતિ' નામની RSSની મહિલાપાંખ પણ છે.

રાહુલ ગાંધીએ કહયું, 'હું આરએસએસ અને બીજેપીના લોકોને પૂછવા માંગુ છું, તમે જય શ્રી રામ કહો છો પણ જય સિયારામ કેમ નથી બોલતા તમે સીતા માને કેમ હટાવ્યા તમે તેનું અપમાન કેમ કરો છો શા માટે મહિલાઓનું અપમાન કરો છો'

### આવતીકાલથી સૂર્ય - શનિનો અશુભ યોગ શરૂ થશે

અમદાવાદ તા. ૧૫

૧૪ જાન્યુઆરી સુધી સૂર્ય અને શનિનો દ્વિદ્વાદશ યોગ બની રહ્યો છે. જ્યોતિષશાસ્ત્રમાં આ ગ્રહ સ્થિતિને અશુભ માનવામાં આવે છે. જ્યોતિષીય ગ્રંથો અને વિદ્વાનો પ્રમાણે આ બંને ગ્રહ એકબીજાના દુશ્મન છે. આ ગ્રહ સ્થિતિના લીધે દેશમાં રાજનૈતિક અને આર્થિક ઉતાર-ચઢાવ તો આવશે જ વાતાવરણમાં પણ ફેરફાર આવશે. આ બંને ગ્રહોની અસર તમામ ૧૨ રાશિઓ ઉપર પણ પડી શકે છે.

પુરીના જ્યોતિષાચાર્ય ડો. ગણેશ મિશ્ર જણાવે છે કે આવી ગ્રહ સ્થિતિ જ્યારે-જ્યારે બને છે. ત્યારે દેશ-દુનિયામાં ઊથલપાથલ અને અનિચ્છનીય ફેરફારો પણ થાય છે. આ ગ્રહોના લીધે દેશમાં અરાજકતાનું વાતાવરણ બની શકે છે. સામાન્ય લોકોમાં વહીવટકર્તાઓ અને રાજકારણને લઈને અસંતોષનું વાતાવરણ રહેશે. વહીવટી નિર્ણયોના લીધે વિવાદ અને તણાવની સ્થિતિ પણ બનશે. રાજનીતિ સાથે જોડાયેલાં લોકોના જીવનમાં અનિચ્છનીય ફેરફારો થાય તેવી શક્યતા છે. નાના અને મોટા નેતાઓ વચ્ચે તાલમેલની ઊણપ રહી શકે છે.

### સમાચાર રાઉન્ડ અપ

● અમદાવાદમાં ઓગણજ સ્થિત પ્રમુખ સ્વામી નગરનાં દ્વારા આજથી જાહેર જનતા માટે ખુલ્લા મુકાયા

● ગતરાત્રે કુતિયાણા નજીક ૮૦૦ વિઘામાં ફેલાયેલા જંગલ વિસ્તારમાં પ્રચંડ આગ ફાટી નીકળતા વનતંત્રમાં ભારે દોડધામ : વન્ય પ્રાણીઓ સલામત

● કાશ્મીરી પંડિતોને ત્રાસવાદી સંગઠનોએ ફરી ધમકી આપી : કર્મચારીઓની યાદી જાહેર કરી : સરકાર સાવધ


**ઓફિસ વેચાણ / ભાડે / લીઝથી**

ફુલ આધુનિક ફર્નિચર, CCTV કેમેરા, નવું બિલ્ડીંગ, લીફટ, રોડ ફેસિંગ, ૬૨૨ ચો. ફુટ જગ્યા, જૂનાગઢના મધ્યમાં. CA, કલાસીસ, બેંક, ફાઈનાન્સ કું., IT કંપની, ટ્રેનિંગ સેન્ટર માટે મોકાની જગ્યા ખૂબજ વ્યાજબી ભાવે તાત્કાલીક આપવાની છે.

**સંપર્ક : ૯૪૨૬૧ ૬૫૨૧૫**

આયુર્વેદીક હેર કેર અને સ્કિનકેર પ્રોડકટસ




આપના જીવનમાં આયુર્વેદનાં આશીર્વાદ લાવે છે

**વૃંદાવન આયુર્વેદા**

એજન્સી માટે
ડીલર અને ડીસ્ટ્રીબ્યુટર્સ આવકાર્ય છે

**મો. ૯૭૭૩૦ ૧૫૪૯૬**



સરળ, સફળ અને સાર્થક જીવન જીવવાની કલાના સાધક, માર્ગદર્શક અને પ્રેરક

**મા સ્વામી**



જૈન ભાગવતી દીક્ષા પર્યાય : ૭૮ વર્ષ
કાળધર્મ : રાજકોટ ૧૫-૧૨-૨૦૧૭

જીવનમાં શાંતિ, પ્રેમ, કરૂણા અને અનુકંપાના મહત્વની સાચી સમજના માર્ગદર્શક મા સ્વામીના પ્રેરક અને અમૂલ્ય સૂત્રો :

ધર્મ એટલે પ્રેમ, કરૂણા, અનુકંપા, સંવેદનશીલતા અને સેવા ભ વ સાથે જીવન જીવવાની કળા.

જીવન એવું જીવો જેમાં સુખ, શાંતિ, સમાધિ, પ્રસન્નતા, મધુરતા અને હળવાશ હોય.

સમત ભાવ, સમભાવ, સાક્ષીભાવ સાથેનું જીવનનું અંતિમ ચરણ : ''જુઓ, જણો, પણ ભળો નહીં''

ગોંડલ સંઘાણી સંપ્રદાયના નાયક ગાદીપતિ આચાર્ય ગુરૂ ભગવંત **બા. બ્ર. પરમ પૂજ્ય શ્રી નરેન્દ્ર મુનિ મહારાજ સાહેબના** સુશિષ્યા આચાર્ય ભગવંત પ્રવર્તિની ચારિત્ર જયેષ્ઠા અને કૃતજ્ઞતાથી પરોપકારની જીવનયાત્રાના પ્રેરક

''મા સ્વામી''

**બા. બ્ર. જયવિજયાજી મહાસતીજીને**
પાંચમી પુણ્યતિથિએ ભાવભરી ભાવાંજલિ, લાખ લ ખ વંદન

**બીનાબેન શેઠ – અજયભાઈ શેઠ**
કવેસ્ટ ફાઉન્ડેશન સાયન - મુંબઈ



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**





# શું નવા વર્ષમાં ગરીબોને મફત અનાજ નહીં મળે?

નવી દિલ્હી, તા.૧૫

દેશના ૮૦ કરોડ ગરીબ લોકોને મફતરાશન આપવાની યોજના વર્ષ ૨૦૨૦થી ચાલી રહી છે. બજેટ અને અનાજ સંગ્રહની સ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર તેને બેથી ત્રણ મહિના સુધી લંબાવે છે. આ યોજના સપ્ટેમ્બર ૨૦૨૨માં સમાપ્ત થવાની હતી. પરંતુ દેશના ગરીબોની સ્થિતિને જોતા આ યોજનાને ત્રણ મહિના માટે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૨ સુધી લંબાવવામાં આવી હતી. હવે ડિસેમ્બર ચાલી રહ્યો છે. આ યોજના આ મહિનાની છેલ્લી તારીખે સમાપ્ત થઈ રહી છે. પરંતુ હજુ સુધી આ અંગે સત્તાવાર નિવેદન બહાર આવ્યું નથી. જો કે, આ યોજનાને લઈને મીડિયામાં જે અહેવાલો સામે આવી રહ્યા છે. ગરીબો કદાચ તેમનાથી આઘાત પામશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કેન્દ્ર સરકાર પાસે અનાજના વિતરણ માટે મર્યાદિત સ્ટોક છે. આ સિવાય ખુલ્લા બજારમાં ઘઉં મોંઘા થતા જોઈને સરકાર બજારમાં ઘઉંનો વપરાશ વધારી શકે છે. કારણ કે જો ઘઉં મોંઘા થશે તો દેશના દરેક વર્ગને અસર થશે. તેનાથી સરકારની ચિંતામાં વધારો થશે. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકારનો પહેલો પ્રયાસ બજારમાં ઘઉંનો વપરાશ વધારવાનો અને મોંઘવારી ઉપર અંકુશ રાખવાનો રહેશે. આ કારણોસર, એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે કેન્દ્ર સરકાર આ યોજનાને આગળ વધારવાથી પીછેહઠ કરી શકે છે. જો કે આ યોજના અંગે કેન્દ્ર સરકારનું સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. તમામની નજર કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવતા પગલા ઉપર છે. ઘઉંના ભાવમાં વધારાના સમાચાર સામે આવી રહ્યા છે. ઘઉંની સીધી અસર લોટ પર થઈ રહી છે. આ જ કારણે કેટલીક જગ્યાએ લોટના ભાવમાં પણ વધારો થયો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઓપન માર્કેટમાં ઘઉંના ભાવમાં ૧૩ ટકાનો વધારો થયો છે. ૨૬૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના ભાવે વેચાતા ઘઉં ૩૦૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલની નજીક પહોંચી ગયા છે. મોંઘા ઘઉંની સીધી અસર લોટ ઉપર પડી છે. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકાર લોટના ભાવમાં દરેક કિંમતે ઘટાડો કરવાનો પ્રયાસ કરી રહી છે. સરકાર પર દબાણ છે કે પછી જ કિંમતો નિયંત્રિત કરી શકાશે. જ્યારે માંગ અને પુરવઠાના આંકડા સંતુલિત હોય એટલે કે કેન્દ્ર સરકાર ઘઉંનું ઓપન માર્કેટમાં વેચાણ કરે તો લોકો સંતુષ્ટ થઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, લગભગ ૩૦ લાખ ટન ઘઉં ખુલ્લા બજારમાં વેચી શકાય છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ કેન્દ્ર સરકાર રેશન કાર્ડ ધરાવતા ગરીબ પરિવારોને દર મહિને ૫ કિલો મફત રાશન આપે છે. કોવિડ કાળમાં શરૂ કરાયેલી આ યોજનાનો હેતુ દેશની ૮૦ કરોડ વસ્તીને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ આવરી લેવાનો હતો, જેથી લોકડાઉનના સમયગાળા દરમ્યાન ગરીબ પરિવારોની સમસ્યાઓ ઓછી થઈ શકે. યોજના હેઠળ, લગભગ રૂા. ૩.૯૧ લાખ કરોડની ખાદ્ય સબસિડી સાથે અત્યાર સુધીમાં ૧,૧૧૮ લાખ ટન અનાજ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ફાળવવામાં આવ્યું છે.

# આરબીઆઇના પૂર્વ ગવર્નર રઘુરામ રાજન ભારત જોડો યાત્રામાં જોડાયા

સવાઈમાધોપુર,તા.૧૫

બુધવારે રાહુલ ગાંધીની 'ભારત જોડો યાત્રા'નો રાજસ્થાનમાં ૧૦મો દિવસ હતો બુધવારે સવાઈ માધોપુરના ભાદોતીથી ભારત જોડો યાત્રા નીકળી હતી. રાહુલ ગાંધીની યાત્રા દૌસા જિલ્લામાં પ્રવેશ કરી હતી. આ યાત્રા બામણવાસના બાઢહશ્યામપુરા ટોંડ પહોંચી હતી અહીં મુસાફરો ટોંડમાં ભોજન લીધુ હતું ત્યારબાદ યાત્રાનો બીજો તબક્કો બપોરે ૩ઃ૩૦ વાગ્યાથી શરૂ થઈ હતી આ યાત્રામાં આરબીઆઇના પૂર્વ ગવર્નર એન. રઘુરામ રાજને પણ ભારત જોડો યાત્રામાં ભાગ લીધો હતો. આ યાત્રા દરમ્યાન રાહુલ ગાંધી અને રઘુરામ રાજન વચ્ચે લાંબી વાતચીત થઈ હતી. યુપીએ સરકારમાં રઘુરામ રાજનને આરબીઆઈના ગવર્નર બનાવવામાં આવ્યા હતા. રઘુરામ રાજન આર્થિક મુદ્દાઓ ઉપર પોતાના નિખાલસ વિચારો માટે જાણીતા છે. એન રઘુરામ રાજને રાહુલ ગાંધી સાથે હાથ મિલાવ્યા હતો. રઘુરામ રાજને ભદોતીથી ચાલવાનું શરૂ કર્યું અને રાહુલ ગાંધી સાથે લાંબી ચર્ચા કરી. નોંધનીય છે કે ભારત જોડો યાત્રામાં વિવિધ ક્ષેત્રની જાણીતી હસ્તીઓ સતત જોડાઈ રહી છે. અગાઉ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક લોકો આ યાત્રામાં ભાગ લેવા આવ્યા હતા. આ ઉપરાંત મુખ્યમંત્રી અશોક ગેહલોત, સચિન પાયલટ, ગોવિંદસિંહ દોતાસરા અને પ્રતાપ સિંહ ખાચરિયાવાસ પણ રાહુલ ગાંધીની યાત્રામાં સાથે હતા. તમને જણાવી દઈએ કે મનમોહન સિંહ જ્યારે પીએમ હતા ત્યારે રઘુરામ રાજનને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર બનાવવામાં આવ્યા હતા અને જ્યારથી તેઓ સત્તામાં આવ્યા છે ત્યારથી રાજન ખુલ્લેઆમ મોદી સરકારની ટીકા કરી રહ્યા છે. રાજને અનેક વખત કેન્દ્ર સરકારની આર્થિક નીતિઓ પર પ્રહારો કર્યા છે અને સુધારાની વાત કરી છે. આવી સ્થિતિમાં રાજનની ભારત જોડો યાત્રામાં સામેલ થયા બાદ અને રાહુલ ગાંધી સાથે તાલ મિલાવીને તેઓ કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ શકે છે તેવી અટકળો લગાવવામાં આવી રહી છે. બીજી તરફ કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે મંગળવારે કહ્યું કે ૧૬ ડિસેમ્બરે યાત્રાના ૧૦૦ દિવસ પૂર્ણ થઈ રહ્યા છે, આ અવસર પર રાહુલ ગાંધી જયપુર જશે જ્યાં તેઓ તમામ યાત્રીઓ સાથે સુનિધિ ચૌહાણના મ્યુઝિક ઈવેન્ટમાં સામેલ થશે.

મળતી માહિતી મુજબ, યાત્રાના ૧૦૦ દિવસ પૂરા થવાના અવસર પર કોંગ્રેસ શુક્રવારે જયપુરમાં કોન્સર્ટનું આયોજન કરશે. તે જ સમયે, પાર્ટીના મહાસચિવે એ પણ કહ્યું કે ૧૯ ડિસેમ્બરે અલવરમાં એક વિશાળ જનસભાનું આયોજન કરવામાં આવશે. આ પહેલા દલિતોના મુદ્દાઓ પર કામ કરતી વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા ૩૦ જેટલા દલિત કાર્યકર્તાઓ પણ રાહુલ ગાંધીને મળ્યા હતા.

# આ ખુરશી ઉપર જે બેસે છે, તે જીવતું નથી રહેતું

## આ ખુરશી થોમસની હતી, તેના સસરા આ ખુરશી ઉપર બેઠા હતા, આનાથી થોમસ ગુસ્સે થયો અને તેની હત્યા કરી નાખી હતી, આ શાપિત ખુરશીથી આજે પણ લોકો ભયભીત

નવી દિલ્હી, તા.૧૫

આપણી આ દુનિયા અનેક રહસ્યમયોથી ભરેલી છે. ઘણીવાર જેને લગતી ઘણી વાતો લોકોમાં ખૂબ જ લોકપ્રિય હોય છે. આજે અમે એક એવી રહસ્યમય ખુરશી વિશે વાત કરવા જઈ રહ્યા છીએ, જેના વિશે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, કોઈ પણ તેના ઉપર બેસે છે, તો તે કોઈને કોઈ રીતે મત્યુ પામે છે. કહેવાય છે કે, આ ખુરશી ઈંગ્લેન્ડના થર્સ્ક મ્યુઝિયમમાં રાખવામાં આવી છે. આ ખુરશીના ડરનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, ડરના કારણે તેને જમીનથી કેટલાય ફૂટ ઉપર લટકાવી દેવામાં આવી છે, જેથી તેના પર કોઈ બેસી ન શકે. આ કારણોસર દેશ અને દુનિયામાં આ રહસ્યમય ખુરશીની ચર્ચા જોવા મળે છે. 'મોતની ખુરશી'ના નામથી ઓળખાતી આ રહસ્યમય ખુરશીની આવી ઘણી વાતો છે, જેને જાણ્યા પછી તમે ચોંકી જશો. ત્યારે ચાલો જાણીએ આ શાપિત ખુરશી વિશે, જેના પર જે પણ બેઠા હતા તે મોતને ઘાટ ઉતર્યા છે. જણાવી દઈએ કે, આ ખુરશી થોમસ બસ્બી નામના વ્યક્તિની હતી. એવું કહેવાય છે કે, તેના સસરા એકવાર તેની આ પ્રિય ખુરશી પર બેઠા હતા. આનાથી થોમસ ગુસ્સે થયો અને તેણે તેની હત્યા કરી નાખી હતી. આ હત્યાના કારણે, થોમસ બસ્બીને ફાંસી પર લટકાવવામાં આવ્યો હતો. જો કે, મરતા પહેલા થોમસે શ્રાપ આપ્યો હતો કે, જે આ ખુરશી ઉપર બેસવાની હિંમત કરશે તે મરી જશે. નોંધપાત્ર વાત એ છે કે, થોમસના મૃત્યુ પછી પણ ઘણા લોકોએ આ વાતને ગંભીરતાથી લીધી ન હતી અને તે ખુરશી પર બેસવા માંગતા હતા. જો કે, ખુરશી પર બેઠા પછી થોડા જ દિવસોમાં તેમનું અવસાન થયું હતું. થોડા સમય પછી જ્યારે ખુરશી પર બેઠેલા વધુ ૪ લોકો મૃત્યુ પામ્યા ત્યારે, લોકો માનવા માંડ્યા કે આ ખુરશી શાપિત છે. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન, કેટલાક સૈનિકો આ ખુરશી ઉપર બેઠા હતા.

આ બધા સૈનિકોમાંથી એક પણ યુદ્ધ દરમ્યાન જીવતો બચી શક્યો ન હતો. એવું પણ કહેવાય છે કે, આજે પણ થોમસ બસ્બીની આત્મા આ ખુરશીમાં છે. ત્યારથી આ ખુરશી લોકોની પહોંચથી દૂર રાખવામાં આવી છે. તેને મ્યુઝિયમમાં લટકાવીને રાખવામાં આવી છે. આ ખુરશીને ડેથ ચેર નામથી પણ ઓળખવામાં આવે છે. લોકોની અંદર ડર એટલો છે કે, તેઓ તેને મ્યુઝિયમમાં જોવાથી પણ ડરે છે.

# સશસ્ત્ર દળમાં મહિલાઓની ઓછી સંખ્યાનો મુદ્દો સંસદમાં ચર્ચાયો, સંસદીય કમિટીએ વ્યક્ત કરી ચિંતા


નવીદિલ્હી,તા.૧૫

એક સંસદીય સમિતિએ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાં મહિલાઓની ઓછી સંખ્યા પર નારાજગી વ્યક્ત કરી છે. માહિતી અનુસાર, સેન્ટ્રલ આર્મ પોલીસ ફોર્સની કુલ સંખ્યાના માત્ર ૩.૬૮ ટકા મહિલાઓ છે. સમિતિએ નોંધ્યું કે ૨૦૧૬માં, સરકારે સીઆરપીએફ અને સીઆઈએસએફમાં કોન્સ્ટેબલ-સ્તરની ૩૩% પોસ્ટ મહિલાઓ માટે અને ૧૪-૧૫% બોર્ડર સિક્યુરિટી ફોર્સ, બીએસએફ,એસએસબી અને આઈટીબીપીમાં અનામત રાખવાનો નિર્ણય કર્યો હતો. સમિતિએ કહ્યું કે એ નોંધવું નિરાશ છે કે સીએપીએફની કુલ સંખ્યાના માત્ર ૩.૬૮% મહિલાઓ છે.

ભાજપના રાજ્યસભાના સભ્ય બ્રિજલાલની આગેવાની હેઠળની ગૃહ બાબતોની સંસદીય સ્થાયી સમિતિના અહેવાલમાં જણાવાયું છે કે ગૃહ મંત્રાલય દ્વારા સીએપીએફ અને આસામ રાઈફલ્સમાં મહિલાઓની ભરતીને પ્રોત્સાહિત કરવાના પ્રયાસો છતાં મહિલાઓની સંખ્યા ઘણી ઓછી છે. સમિતિએ ભલામણ કરી છે કે ગૃહ મંત્રાલયે સીએપીએફમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવા માટે નક્કર પગલાં ભરવા જોઈએ. ખાસ કરીને સીઆઈએસએફ અને સીઆરપીએફમાં મહિલાઓ માટે તબક્કાવાર ભરતી અભિયાન ઝડપથી હાથ ધરવામાં આવી શકે છે. મંગળવારે રાજ્યસભામાં રજૂ કરવામાં આવેલા તેના અહેવાલમાં સમિતિએ જણાવ્યું હતું કે સરહદી ચોકીઓમાં અનુકૂળ વાતાવરણ બનાવવા માટે પગલાં લેવા જોઈએ જેથી મહિલાઓ સુરક્ષા દળોમાં જોડાવા માટે પ્રેરિત થાય. સમિતિએ એવી પણ ભલામણ કરી છે કે ગૃહ મંત્રાલયે મહિલાઓને સેનામાં જોડાવાથી રોકવાના કારણોને ઓળખવાનો પ્રયાસ કરવો જોઈએ અને તેમની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે વ્યવહારૂ ઉકેલો લાવવા જોઈએ. અહેવાલ જણાવે છે કે આવો એક ઉકેલ મહિલાઓને (ખાસ કરીને સીઆઈએસએફ અને સીઆરપીએફમાં) તેમના વતન આસપાસ પોસ્ટ કરી શકે છે, જે તેમને આ દળોમાં જોડાવા માટે પ્રોત્સાહન તરીકે કામ કરશે અને બદલામાં તેમની ભાગીદારીમાં વધારો કરશે.

સમિતિએ કહ્યું કે હાલમાં ફિલ્ડમાં તૈનાત કર્મચારીઓને ૭૫ દિવસની રજા આપવામાં આવે છે. તેને વધારીને ૧૦૦ દિવસ કરવાનો પ્રસ્તાવ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સમિતિનું માનવું છે કે મંત્રાલયે જવાનોના લાભ માટે આ પ્રસ્તાવને વહેલી તકે લાગુ કરવો જોઈએ. કમિટીએ એ પણ અવલોકન કર્યું છે કે સીએપીએફ ભારે દબાણ હેઠળ કામ કરે છે, કારણ કે તેમની ફરજોની પ્રકૃતિને કારણે કઠોર આબોહવાની પરિસ્થિતિઓમાં તેમની પોસ્ટિંગની જરૂર પડે છે. તેથી, તેમની માનસિક સ્થિતિને હળવી કરવા અને તણાવ ઘટાડવા માટે વાજબી સમયાંતરે રજા લેવી જરૂરી છે જેથી તેઓ તેમના પરિવાર સાથે સમય પસાર કરી શકે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પેનલે નોંધ્યું છે કે ગૃહ મંત્રાલય **CAPF** કર્મચારીઓની રજા લંબાવવા પર વિચાર કરી રહ્યું છે. દરખાસ્તને સકારાત્મક રીતે ધ્યાનમાં લેવી જોઈએ અને વહેલી તકે અંતિમ સ્વરૂપ આપવું જોઈએ, કારણ કે તે **CAPF** ના મનોબળને વેગ આપશે.

# જ્યાં સુધી પાકિસ્તાન સાથેના સંબંધો ન સુધરે ત્યાં સુધી ભારતમાં ક્યારેય શાંતિ નહીં મળી શકે : ફારૂક અબ્દુલ્લા



શ્રીનગર,તા.૧૫

નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારૂક અબ્દુલ્લાએ દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું હતું કે જ્યાં સુધી પાકિસ્તાન સાથે અમારા સંબંધો વધુ સારા નહીં હોય ત્યાં સુધી અમે ભારતમાં ક્યારેય શાંતિ નહીં જોઈ શકીએ. કોઈ મુસ્લિમોને આગળ વધતા જોઈ શકતા નથી કારણ કે મુસ્લિમોને દેશદ્રોહી ગણવામાં આવે છે. અમે રાષ્ટ્રવિરોધી નથી, અમે બધાની જેમ ભારતીય છીએ. આના એક દિવસ પહેલા, આંતરરાષ્ટ્રીય માનવાધિકાર દિવસ ઉપર, તેમણે કહ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરના લોકોના સર્વાંગી વિકાસનો વિચાર ત્યાં સુધી સાર્થક થશે નહીં જ્યાં સુધી તેમના મૂળભૂત લોકતાંત્રિક અધિકારોનું સન્માન કરવામાં નહીં આવે. તેમણે કહ્યું કે સત્તાધારી ગઠબંધન રાષ્ટ્રીય સ્તરે રાજકીય સીડી ઉપર ચઢવા માટે જમ્મુ અને કાશ્મીરનો ઉપયોગ કરી રહ્યું છે, જે જમીની વાસ્તવિકતા સાથે સુસંગત નથી. તેમણે આરોપ લગાવ્યો કે યુવાનોને રોજગાર આપવાની વાત જ જમ્મુ અને કાશ્મીર સાથે જોડાયેલી બાબતો ઉપર નિયંત્રણ ધરાવતી કેન્દ્ર સરકારે સેંકડો નોકરીયાત યુવાનોને બહારનો રસ્તો બતાવ્યો છે.

# લ્યો બોલો હવે અમેરિકાએ લેબમાં તૈયાર કર્યો નકલી સૂરજ

નવી દિલ્હી,તા.૧૫

ઊર્જાના ક્ષેત્રમાં વધુ એક મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. અમેરિકામાં સંશોધનકર્તાઓએ કથિત રીતે ઊર્જાની અસીમિત સુરક્ષિત અને સ્વચ્છ સ્રોતને અનલોક કરવાની શોધમાં સફળતા પ્રાપ્ત કરી છે. નિષ્ણાંતોએ ભવિષ્યવાણી કરી છે કે, ન્યૂક્લિયર ફ્યૂઝનમાં સફળતા અસીમ સ્વચ્છ ઊર્જા લાવી શકે છે અને તેનાથી જળવાયુ પરિવર્તન વિરુદ્ધ લડાઈમાં મદદ મળી શકે છે. રિપોર્ટ્સમાં જણાવ્યા અનુસાર, ઈતિહાસમાં પહેલી વાર અમેરિકાના કેલિફોર્નિયામાં લોરેન્સ લિવરમોર નેશનલ લેબોરેટરીમાં નેશનલ ઈગ્નિશન ફેસિલિટીમાં અમેરિકી વૈજ્ઞાનિકોએ ન્યૂક્લિયર ફ્યૂઝન રિએક્શનને અંજામ આપ્યો છે, જેના પરિણામસ્વરૂપે સૂર્યની માફક એકદમ શુદ્ધ ઊર્જાનું ઉત્પાદન કર્યું છે. ન્યૂક્લિયર ફ્યૂઝનમાં ભારે તત્વ બનાવવા માટે હાઈડ્રોજન જેવા હળવા તત્વોને એક સાથે તોડવાનું શામેલ છે. આ પ્રક્રિયામાં ઊર્જા એક મોટો વિસ્ફોટ હોય છે. જો કે, ૧૯૫૦ના દાયકામાં ન્યૂક્લિયર ફ્યૂઝન પર અનુસંધાન શરુ થયા બાદ શોધકર્તા એક સકારાત્મક ઊર્જા લાભ પ્રદર્શિત કરવામાં અસમર્થ રહ્યું છે. તો વળી હવે લાગે છે કે, શોધકર્તાએ આ કોયડો ઉકેલી નાખ્યો છે. ફાઈનાન્સિયલ ટાઈમ્સના એક રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, જેની કેલિફોર્નિયામાં લોરેન્સ લિવરમોર નેશનલ લેબોરેટરીમાં રાષ્ટ્રીય પ્રજ્વલન સુવિધાએ પુષ્ટિ કરવાની છે. શોધકર્તાએ ફક્ત ૨.૧ એમજેનો ઉપયોગ કર્યા બાદ ૨.૫ એમજે ઊર્જામાં સફળતા મેળવી છે. સાઈન્સ એન્ડ ટેક્નોલોજી ફેસિલિટિઝ કાઉંસિલ સેન્ટ્રલ લેઝર ફેસિલિટી પ્લાઝ્મા ફિઝિક્સ ગ્રુપના ડો. રોબી સ્કોટ, જેમણે આ શોધમાં યોગદાન આપ્યું છે, તેમણે આ પરિણામોને એક મહત્વની સિદ્ધિ ગણાવી છે.

# ખંભાળિયામાં કચરો એકત્ર કરવા કચરા ગાડી દ્વારા સંગીત રેલાવાય છે : નવતર પગલાથી નાગરિકોમાં આકર્ષણ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

ખંભાળિયા શહેરમાં નગરપાલિકા દ્વારા કચરા નિકલની વ્યવસ્થા માટે ડોર ટુ ડોર કચરા કલેક્શન અંગેની કામગીરી કરવામાં આવે છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાં રહેણાંક મકાનના કચરા એકત્ર કરવા માટે ખાસ વાહનની વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યાં દરરોજ સવારથી બપોર સુધી લોકોના ઘરે-ઘરે જઈ અને કચરા નિકાલની વ્યવસ્થા કરવામાં આવે છે. જરૂર પડે તો બીજી વખત પણ આ વાહન દ્વારા કચરો એકત્ર કરવામાં આવે છે. ખંભાળિયામાં તાજેતરની ચૂંટણી સમયે સ્ટીકરો સાથે તથા મતદાન કરોના ગીતો સાથે આ કચરા ગાડી દ્વારા લોકોમાં મતદાન પ્રત્યે જાગૃતિ અંગેનીનું કાર્ય કરવામાં આવ્યું હતું. જેને સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. ત્યારબાદ શહેરમાં ફરતી આ કચરા ગાડી અગાઉ સીટી વગાડીને નાગરિકોને કચરો આપવા માટે સાવધાન કરતી હતી. તેના બદલે હવે કચરા નિકાલ અંગેનું આકર્ષક ગીત વગાડીને આ ગાડીમાં કચરો લેવામાં આવે છે. આમ, કચરા નિકાલ તથા કચરાના કલેક્શન માટે ગીત વગાડીને કરવામાં આવતી કામગીરીને આ લોકોએ વખાણ કર્યા છે.

**ગુજરાતની વિધાનસભામાં ભાજપની ભવ્ય જીતને વધાવતું સફાઈ કામદાર સેલ**

ગુજરાત વિધાનસભાની તાજેતરમાં યોજાઈ ગયેલી સામાન્ય ચૂંટણીમાં રાજ્યમાં કુલ ૧૮૨માંથી ૧૫૬ સીટની તોતિંગ બહુમતી મેળવીને ભાજપે વધુ એક વખત સતાના સુકાન સંભાળ્યા છે.

આ તોતિંગ અને નોંધપાત્ર જીત સંદર્ભે ખંભાળિયાના સફાઈ કામદાર સેલ દ્વારા એક લેખિત પત્ર પાઠવી રાજયના ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ તથા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને શુભકામનાઓ પાઠવવામાં આવી છે. અહીંના સફાઈ કામદાર સેલના ચીમનભાઈ વાઘેલા સહિતના કામદારો દ્વારા તેઓ ઉત્તર પ્રગતિ કરે અને વિકાસ કાર્યો દ્વારા ગુજરાતને દેશનું સૌથી વિકસિત રાજ્ય બનાવે તેવી શુભકામનાઓ પાઠવી હતી. સાથે સાથે ખંભાળિયાના ધારાસભ્ય મુળુભાઈ બેરાને કેબિનેટમાં સ્થાન અપાવવા બદલ પણ કામદાર સેલ તથા વાલ્મિકી સમાજ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ખંભાળિયા સહિત જિલ્લામાં વાતાવરણ પલટાયું : ઠંડો ફૂંકાતો પવન

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

હવામાન વિભાગ દ્વારા છેલ્લા બે-ત્રણ દિવસ દરમ્યાન છૂટાછવાયા માવઠા તથા વાતાવરણમાં પલટાની આગાહીના પગલે ખંભાળિયા સહિત સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વાદળછાયું વાતાવરણ સર્જાયું હતું.

આજે સવારે વાતાવરણમાં પલટો અનુભવાયો હતો. તેજ ફૂકાતા પવન વચ્ચે આજે મોડી સવાર સુધી સૂર્યનારાયણના દર્શન થયા ન હતા. જો કે અડધો ડિસેમ્બરમાં વિતવા છતાં પણ કડકડતી ઠંડી હજુ પણ પડતી નથી અને પંખાની જરૂરિયાત પણ લોકો અનુભવે છે. માવઠા સામે સાવચેતીના પગલાં રૂપે અહીંના માર્કેટિંગ યાર્ડમાં બે દિવસ મગફળીની ઉતરાઈ પણ બંધ રખાઈ હતી. સંભવિત રીતે માવઠાની આગાહીને પગલે શિયાળુ વાવેતર કરી ચૂકેલા ધરતીપુત્રો ચિંતામાં મુકાઈ ગયા હતા.

# બિલકીસ બાનોને ઝટકોઃ ૧૧ દોષીની સુનાવણી માટે ઝડપથી ખંડપીઠ રચવાનો સુપ્રીમનો ઈન્કાર



નવીદિલ્હી,તા.૧૫

ગુજરાતમાં ગોધરાકાંડ દરમ્યાન સામુહિક દુષ્કર્મોનો ભોગ બનેલી બિલકિસ બાનોના ૧૧ દોષીઓને છોડી મુકવા સામે બિલકીસબાનોએ ૧૧ દોષીઓને ફરી જેલમાં પુરવામાં આવે તેવી બિલકિસ બાનોની અરજી ઉપર સુનાવણી કરવાની ઝડપથી ખંડપીઠ બનાવવાની માંગ સુપ્રીમ કોર્ટે ફગાવી છે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ અને ન્યાયમુર્તિ પીએસ નરસિન્હાની એક પીઠે બિલકીસ બાનો તરફથી રજુ થયેલ વકીલ શોભા ગુપ્તાને જણાવ્યું હતું કે, આ મામલાની સુનાવણી મામલે એક વધુ પીઠની રચનાની જરૂર છે. તેમણે કહયું હતું કે, અરજીનો યાદીમાં સમાવેશ કરાશે. પરંતુ મહેરબાની કરીને એકને એક વાતનો વારંવાર ઉલ્લેખ ન કરો ખુબ જ પરેશાની થાય છે. ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટના જજ બેલા એમ. ત્રિવેદીએ બિલકીસ બાનો દ્વારા દાખલ અરજી ઉપર સુનાવણીથી ખુદને અલગ કરી દીધા હતા. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને હવે બિલકીસબાનો કેસના સુનાવણી મામલે નવી પીઠની રચના કરવી પડશે. જેમાં ન્યાયમૂર્તિ બેલા એમ. ત્રિવેદી નહીં હોય.

# ખંભાળિયામાં તસ્કરોના પરોણા રૂા.૧.૫૬ લાખના મુદ્દામાલની ચોરી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ ખંભાળિયામાં વિનાયક સોસાયટી-૨ વિસ્તારમાં રહેતા અને મૂળ ગોંડલ તાલુકાના મેસપર ગામના વતની તથા ડ્રાઈવિંગ કામ કરતા પથુભા ગગુભા જાડેજા નામના ૩૨ વર્ષના ગરાસીયા યુવાન તેમના પત્ની તથા માતા સાથે ગત તારીખ ૨૬ નવેમ્બરના રોજ તેમના વતન મેસપર (તા. ગોંડલ) ખાતે ખેતી કામ સબબ તથા વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કરવા માટે ગયા હતા. આ કામગીરી પતાવી તેવો ગઈકાલે બુધવારે અહીં પરત ફર્યા હતા અને આવીને જોતા તેમના ઘરનો દરવાજો ખુલ્લો જોવા મળ્યો હતો. બાદમાં તેઓએ રૂમમાં જઈને તપાસ કરતા આ સ્થળે ઘરવખરીનો તમામ વેરવિખેર હાલતમાં પડ્યો હતો. આ સ્થળે ફરિયાદી પથુભા જાડેજાના પરિવારજનો દ્વારા રાખવામાં આવેલું રૂપિયા ૧,૫૦,૦૦૦ની કિંમતનું ત્રણ તોલાનું મંગલસૂત્ર તથા રૂપિયા ૬,૦૦૦ મળી કુલ રૂા.૧,૫૬,૦૦૦નો મુદ્દામાલ જોવા મળ્યો ન હતો. આમ, રૂપિયા ૧.૫૬ લાખના મુદ્દામાલની ચોરી થયાનું ખુલવા પામ્યું હતું. જે સંદર્ભે અહીંના પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# દેશનાં મહાન પ્રતાપી નાયકોને અભ્યાસક્રમમાં સ્થાન આપવું જોઈએ

સત્ય ક્યારેય છૂપાવ્યે છૂપાઈ રહેતું નથી, એક દિવસ તો તે બહાર આવી જ જાય છે. છળકપટથી અને પ્રાયોજિત સ્થાપનાઓને જનમાનસના ગળે ઉતારવાની ગમે તેટલી કોશિશ કેમ ન કરવામાં આવે, તે લાંબા કાળખંડ સુધી ટકતી નથી. અનુકૂળ અવસર અને પરિવેશ મળતાં જ દેશની સાથે નાભિનાળ સંબંધોથી જોડાયેલ તેનો સંતાનવત સમાજ પોતાની મૂળ ઓળખ તરફ નિશ્ચિતપણે પાછો વળે છે. ભારતીય સમાજ પણ હાલમાં પોતાની રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક અસ્મિતા મુદ્દે સજાગ થયો છે. તે પોતાના ઐતિહાસિક વારસાને સાચવવા માંગે છે. તે લોકોમાં પ્રસિધ્ધ નાયકો-મહાનાયકો વિશે વિસ્તારથી જાણવા માંગે છે. અકાદમિક જગત અને ઈતિહાસનાં પાઠ્ય પુસ્તકો દ્વારા તેની સમક્ષ અત્યાર સુધી જે ઈતિહાસ પીરસવામાં આવ્યો, તેનાથી તે સહમત નથી. તેને તે અધૂરો, એકાંગી અને ઉપનિવેશિક માનસિકતાથી ગ્રસ્ત લાગે છે. તેને આ પુસ્તકોમાં પોતાની સંસ્કૃતિ, ધર્મ, જ્ઞાન-પરંપરા, લોક અને સાહિત્ય વગેરેનાં દર્શન નથી થતાં, પરંતુ તેને ભણવાથી તો હીન ભાવના જ વિકસિત થાય છે. તે રાષ્ટ્રીય વિસ્મૃતિ અને સ્વાભિમાન ઘટાડનારું હોય છે. તેમાં આક્રમણખોરો-લૂંટારાનું યશોગાન તો ખૂબ કરવામાં આવ્યું છે, પરંતુ સાહસ અને દઢતા સાથે તેમનો પ્રતિકાર કરનારા દેશના વીર સપૂતોની ઘનઘોર ઉપેક્ષા કરવામાં આવી છે. તેમાં પરાજયને જ ભારતની નિયતિ સાબિત કરવાની કુચેષ્ટા કરવામાં આવી છે. જ્યારે દુનિયા જાણે છે કે આ એકમાત્ર એવો દેશ છે, જે પોતાની સનાતન સંસ્કૃતિની સત્યતાને જાળવી રાખવામાં લગભગ સફળ રહ્યો છે. શું કોઈ પરાજિત સભ્યતા પોતાના જીવનમૂલ્યો, આદર્શો, પરંપરાઓ, માનબિંદુઓની રક્ષા કરી શકતી? ક્યારેય નહીં. સત્ય એ જ છે કે ભારતનો ઈતિહાસ પરાજય નહીં, પરંતુ સંઘર્ષ, શૌર્ય અને પરાક્રમનો છે. દેશનો કોઈપણ ભૂ ભાગ એવો નથી, જ્યાં વિદેશી આક્રમણખોરોને સલામત રીતે શાસન કરવા દીધું હોય. દરેક કાળખંડમાં એવા મહાપુરુષો થઈ ગયા, જેમણે આ આક્રાંતાઓ વિરુદ્ધ સ્વતંત્રતાની અલખ જગાવી રાખી અને તક મળતાં જ પોતાના રાજ્ય અને પ્રજાજનોને આક્રમણખોરોના અન્યાય-અત્યાચારથી મુક્ત કરાવ્યા. પરંતુ દુર્ભાગ્યે બ્રિટિશ ઈતિહાસકારોએ ઈતિહાસ સંબંધી જે મિથ્યા ધારણાઓ ઘડી, તેને અંગત સ્વાર્થોની પૂર્તિ અને છદ્મ ધર્મનિરપેક્ષતાવાદી રાજનીતિના નામે સ્વતંત્રતા બાદ પણ નિરંતર ચાલુ રાખવામાં આવી. એ સુખદ વાત છે કે દેશના અલગ-અલગ ભૂખંડોથી આવનારા જે નાયકોને કાવતરાપૂર્વક વિસ્મૃતિની ગર્તામાં ધકેલી દેવાયા હતા, આઝાદીના આ અમૃત કાળમાં કેન્દ્ર સરકારની પહેલથી તેમની ચર્ચા સામાન્ય જનતા વચ્ચે ફરીથી થવા લાગી છે. તેમના વિશે વધુ જાણવાની તાલાવેલી વધવા લાગી છે. ચાહે 'માનગઢ ધામની ગૌરવ ગાથા' કાર્યક્રમના માધ્યમથી ભીલ સમુદાયથી આવનારા મહાન સ્વતંત્રતા સેનાની ગોવિંદ ગુરુને યાદ કરવાની વાત હોય કે બેંગલુરુ શહેરના સંસ્થાપક નાદરપ્રભુ કેમ્પેગૌડાની ૧૦૮ ફીટ ઊંચી કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કરવાની, કે આ જ વર્ષે જુલાઈમાં આંધ્રપ્રદેશના ભીમાવરમમાં મહાન સ્વતંત્રતા સેનાની અલ્લુરી સીતારામ રાજુની ૧૨૫મી જયંતી પર આખું વર્ષ ચાલનારા સમારોહની શરૂઆત કરવા કે જૂનમાં મુંબઈ રાજભવનમાં 'ક્રાંતિ ગાથા ગેલરી'નો શુભારંભ કરીને બાસુદેવ બળવંત ફડકે, ચાફેકર બંધુ, બાળ ગંગાધર તિલક, વીર સાવરકર, બાબારાવ સાવરકર, ક્રાંતિગુરુ લાહુજી સાલ્વે, અનંત લ-મણ કાન્હેરે, ભીકાઈજી કામા અને રાજગુરુ જેવા ક્રાંતિકારીઓની સ્મૃતિને સાચવવાની કે રાંચીમાં ભગવાન બિરસા મુંડા સ્મૃતિ ઉદ્યાન આ સ્વતંત્રતા સેનાની સંગ્રહાલયનું ઉદ્‌ઘાટન કરવા કે બહરાઈચમાં મહારાજા સુહેલદેવ સ્મારક તથા પાનીપતમાં પાનીપત સંગ્રામ સંગ્રહાલયના શિલાન્યાસ વગેરે કરવાની વાત હોય - હાલની કેન્દ્ર સરકાર અતીતના આ ગૌરવશાળી વ્યક્તિત્વો પ્રત્યે શ્રદ્‌ધાવંત દેખાય છે. એવા પ્રયાસ જ્યાં રાષ્ટ્રીય ચેતનાનો સંચાર કરે છે, ત્યાં જ તેનાથી યુવાઓની ભીતર રાષ્ટ્ર પ્રત્યે ગૌરવ, ભક્તિ અને કર્તયપરાયણતાની ભાવના વિકસિત થાય છે.

છળકપટ અને કાવતરાપૂર્વક પડદા પાછળ ધકેલી દેવાયેલા ઈતિહાસના આ નાયકોને યથાયોગ્ય સન્માન આપવા-અપાવવાની શૃંખલામાં ગત દિવસોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂર્વોત્તરના શિવાજી કહેવાતા અહોમ સામ્રાજ્યના મહાન સેનાપતિ લચિત બરફુકનને તેમની ૪૦૦મી જયંતી ઉપર શ્રધ્ધાપૂર્વક યાદ કર્યા અને યુવાઓને તેમના જીવનમાંથી 'રાષ્ટ્ર પ્રથમ, રાષ્ટ્ર સર્વોપરિ'નો ભાવ ગ્રહણ કરવાની પ્રેરણા આપી. લચિત બરફુકને ફક્ત પૂર્વોત્તર ભારતને જ નહીં, પરંતુ આખા દક્ષિણ-પૂર્વ એશિયાને તત્કાલીન મુગલ સલ્તનતની મજહબી કટ્ટરતાથી બચાવી રાખવાનું અભૂતપૂર્વ કામ કર્યું હતું. બંગાળથી આગળ મુગલોની સત્તાના નિર્બાધ વિસ્તાર સામે લચિત બરફુકન ખડકની જેમ ઊભા રહ્યા. તેમણે પોતાનાં સીમિત સંસાધનોના સહારે વિભિન્ન જનજાતિઓનો સાથ લઈને મુગલોની વિશાળ સેનાનો જોરદાર મુકાબલો કર્યો અને તેમને સરાયઘાટની લડાઈમાં ભારે પરાજય આપ્યો. આ પરાજય એટલો મોટો હતો કે તેના પછી કોઈપણ મુગલ શાસક અસમ તરફ આંખ ઊંચી કરવાનું સાહસ ન કરી શક્યો. ચાહે અકબર હોય કે ઔરંગઝેબ, કુતબુદ્દીન ઐબક હોય કે ઈલ્તુતમિશ, બખત્યાર ખિલજી હોય કે ઈવાઝ ખલી, મુહંમદ બિન તુઘલક હોય કે મીર જુમલા, અસમમાં અહોમ રાજાઓના શૌર્ય આગળ તેમણે ઝૂકવું પડ્યું. ૧૨૦૬ થી ૧૬૭૧ સુધી મુસ્લિમ આક્રમણખોરો દ્વારા આસામ ઉપર ૨૨ વાર આક્રમણ કરવામાં આવ્યું, પરંતુ તેના ઉપર સ્થાયી આધિપત્ય જમાવવાનું તેમનું સપનું પૂરૂ ન થયું. એ દુર્ભાગ્યપૂર્ણ છે કે આવા મહાન અહોમ સામ્રાજ્ય અને તેના પ્રતાપી સેનાપતિ ઉપર ઈતિહાસનાં પાઠ્ય પુસ્તકો મૌન છે. સ્પષ્ટ છે કે ઈતિહાસનાં પાઠ્યપુસ્તકોમાં આવા વીર નાયકોને સમાવવાની જરૂર છે અને એટલે જ તેને ફરીથી લખવાની જરૂર છે.

### ગુજરાતના વાતાવરણમાં છેલ્લા બે દિવસથી પલટો

# રાજ્યમાં આગામી બે દિવસમાં કમોસમી વરસાદની આગાહી

અમદાવાદ, તા.૧૫

છેલ્લા બે દિવસથી ગુજરાતના વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. જેના કારણે રાજ્યમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. બીજી તરફ રાજ્યના કેટલાક વિસ્તારોમાં ઠંડા પવનો ફૂંકાઈ રહ્યાં છે. ત્યારે હવામાન વિભાગે આગામી બે દિવસ કમોસમી વરસાદની આગાહી કરી છે. તે ઉપરાંત કેટલાક વિસ્તારોમાં વાતાવરણ સુકુ રહેવાની પણ સંભાવના છે. આજે રાજ્યમાં અમદાવાદ, સાબરકાંઠા, ખેડા, હિંમતનગર, ડાકોર સહિતના વિસ્તારોમાં માવઠું થયું છે. રાજ્યમાં વાદળછાયા વાતાવરણને કારણે ડબલઋતુનો અનુભવ પણ થઈ રહ્યો છે. હાલમાં ઠંડીમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. પરંતુ બે દિવસ બાદ ઠંડીમાં વધારો થઈ શકે છે તેવું હવામાન વિભાગે જણાવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આવતીકાલે ૧૫ ડિસેમ્બરે મહિસાગર, અરવલ્લી, તાપી, ડાંગ, સુરત, નર્મદા, નવસારી, વલસાડ અને દમણમાં હળવો વરસાદ થઈ શકે છે. જ્યારે રાજકોટ, અમરેલી, જૂનાગઢમાં વાતાવરણ સુકુ રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. આ સિવાય ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં પણ વાતાવરણમાં પલટો જોવા મળશે. જ્યારે ૧૬મી ડિસેમ્બરે વાતાવરણમાં સમગ્ર ગુજરાતમાં પલટો જોવા મળી શકે છે. આજે અમદાવાદના પાલડી, વાસણા, સેટેલાઈટ વિસ્તારમાં માવઠાની અસર જોવા મળી છે.

હાલમાં પૂર્વ અને દક્ષિણ પૂર્વના પવનો ફૂંકાતા વાતાવરણ પર અસર થઈ રહી છે. બીજી તરફ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે પણ રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો છે. હાલમાં રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ જોવા મળી રહ્યો છે. ૧૭મી ડિસેમ્બર પછી વાતાવરણમાં ફેરફાર થતાં જ ઠંડીમાં વધારો જોવા મળશે. હવામાન વિભાગ પ્રમાણે ડિસેમ્બરના ત્રીજા સપ્તાહમાં હાડ થીજવતી ઠંડી શરૂ થઈ જશે. વાદળછાયા વાતાવરણ અને માવઠાને કારણે ખેડૂતોમાં ચિંતા વધી છે. માવઠું થાય તો ઘઉં, ચણા સહિતના પાકોને ભારે નુકસાન પહોંચે એવી સંભાવના છે. હાલ શિયાળાની સિઝન હોવાથી ખેડૂતોએ લીલા શાકભાજી, રાઈડો સહિતના ઘણા પાકો વાવ્યા છે. જેથી માવઠાને કારણે પાકને નુકસાન પહોંચી શકે છે.

### આર્થિક રીતે બેહાલ પાકિસ્તાનની મુશ્કેલી વધી

# સાઉદી અને ચીને નવી લોન ન આપતાં પાકિસ્તાન પર ભીંસ વધી

**ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફએ) લોનનો ત્રીજો હપ્તો અટકાવી દેતા પાક. માટે દેવું ચૂકવવા કઠિન**

ઈસ્લામાબાદ, તા.૧૫

પાકિસ્તાનના બે કથિત નજીકના મિત્રો મુશ્કેલ સમયમાં તેનાથી મોં ફેરવી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. પાકિસ્તાન પાસે હાલમાં માત્ર ૬.૭ અબજ ડોલરનું વિદેશી ભંડાર છે. જેના કારણે આયાત માત્ર ત્રણ સપ્તાહ માટે જ થઈ શકશે. જૂની લોનના હપ્તા પણ ભરી શકાતા નથી. નાણામંત્રી ઈશાક ડારે નવેમ્બરમાં કહ્યું હતું કે ચીન અને સાઉદી અરેબિયા પાકિસ્તાનને ટૂંક સમયમાં ૧૩ અબજ ડોલરની નવી લોન આપશે. તે આજ સુધી મળી નથી અને આ બાબતે બંને દેશો મૌન છે.

બીજી તરફ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ એટલે કે આઈએમએફએ પણ લોનનો ત્રીજો હપ્તો અટકાવી દીધો છે. આવી સ્થિતિમાં, જાન્યુઆરીથી માર્ચના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વિદેશી દેવું અને આયાત ચૂકવવા માટે પાક. પાસે ભંડોળ ક્યાંથી આવશે તેના પર એક મોટું પ્રશ્ન ચિહ્ન છે. સૌથી મોટો સવાલ એ છે કે પાકિસ્તાનને જે મુસીબત આવી છે તેમાંથી કોણ ઉગારી શકશે.


ડારે આ ઈન્ટરવ્યુમાં કહ્યું હતું-એક મિત્ર દેશે અમને મદદનું આશ્વાસન આપ્યું છે. અમે આશા રાખીએ છીએ કે અમને ટૂંક સમયમાં આ મદદ મળશે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે કયો દેશ મદદ કરી રહ્યો છે તો તેમણે દેશનું નામ આપવાનો ઈંકાર કરી દીધો. ડારે એવી આશા પણ વ્યકત કરી હતી કે દેશમાં ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનો હવે રશિયાથી આયાત કરવામાં આવશે. સોમવારે પેટ્રોલિયમ મંત્રી મુસદીક મલિકે પણ આ વાતની પુષ્ટિ કરી હતી. તેમણે કહ્યું હતું કે-રશિયા અમને ૩૦ થી ૪૦% ડિસ્કાઉન્ટ પર ક્રૂડ ઓઈલ, પેટ્રોલ અને ડીઝલ આપવા માટે તૈયાર છે.

આશ્ચર્યની વાત એ છે કે રશિયન સરકારે આ અંગે કોઈ નિવેદન આપ્યું નથી. ફેબ્રુઆરીમાં તત્કાલિન વડા પ્રધાન ઈમરાન ખાન પણ રશિયા ગયા હતા અને તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ભારતની જેમ જ રશિયા પાસેથી સસ્તી કિંમતે તેલ ઉત્પાદનો ખરીદવામાં આવશે પરંતુ આજ સુધી આ શક્ય બન્યું નથી.

### મોંઘવારીના મારમાં સામાન્ય લોકોને થોડી રાહત

# શાકભાજીના મબલખ પાકને લીધે ભાવમાં ભારે ઘટાડો

**૧૫ દિવસ પહેલા ૪૦ થી ૫૦ રુપિયે કિલો હતા તેના ભાવ માર્કેટમાં ગગડીને અત્યારે ૧૦ રુપિયાથી પણ નીચે**



અમદાવાદ, તા.૧૫

મોંઘવારીથી પરેશાન આમ આદમી માટે શાકભાજીના ભાવમાં ઘટાડો થોડી ઘણી રાહત સમાન પૂરવાર થઈ રહ્યો છે. શિયાળાની જામી રહેલી સિઝન વચ્ચે વડોદરા શહેરમાં આસપાસના ગામડાઓ અને જિલ્લાઓમાંથી થઈ રહેલી શાકભાજીની મબલખ આવક વચ્ચે ભાવોમાં પણ ભારે ઘટાડો નોંધાયો છે. શહેરના જથ્થાબંધ માર્કેટમાં રોજે રોજ શાકભાજીના સેંકડો ટેમ્પા ઉતરી રહ્યા છે. જે શાકભાજીના ભાવ આજથી પંદરેક દિવસ પહેલા ૪૦ થી ૫૦ રુપિયે કિલો હતા તેના ભાવ જથ્થાબંધ માર્કેટમાં ગગડીને અત્યારે ૧૦ રુપિયાથી પણ નીચે જતા રહ્યા છે. જથ્થાબંધ શાકભાજીના વેપારી સુખદેવભાઈ કહે છે કે, વડોદરામાં મોટાભાગે આસપાસના ગામડાઓ અને ગુજરાતના બીજા જિલ્લાઓમાંથી જ શાકભાજી વેચાવા માટે આવે છે. જેમ કે ટામેટા રાજપીપળાથી, ક્રોબિજ અને ગીલોડા પાદરાથી, ભીંડા કરજણ, તુવેર પાદરા અને બીજા ગામડાઓમાંથી વડોદરામાં વેચાવા માટે આવે છે. ગામડાઓમાં શાકભાજીનુ બમ્પર ઉત્પાદન થઈ રહ્યુ હોવાથી શાકભાજીની આવકમાં પણ વધારો નોંધાયો છે. જથ્થાબંધ માર્કેટમાં કેટલાક શાકભાજીના ભાવ તો ગગડીને ત્રણ થી ચાર રુપિયા પ્રતિ કિલો થઈ ગયા છે.

જથ્થાબંધ માર્કેટમાં ભાવ ઘટાડાની અસર છુટક માર્કેટમાં પણ દેખાઈ રહી છે. જોકે જથ્થાબંધ માર્કેટથી છુટક માર્કેટ સુધી પહોંચતા શાકભાજીનો ભાવ ૨૦ થી ૩૦ ટકા જેટલો વધી જાય છે. આમ છતા પણ અગાઉની સરખામણીમાં સામાન્ય માણસને શાક સસ્તુ મળી રહ્યુ છે. સુખદેવભાઈનુ કહેવુ છે કે, ભાવમાં કડાકો થયા પછી પણ ઉત્પાદન એટલુ બધુ છે કે, વેપારીઓ પાસે શાકભાજી પડયા રહે છે. એપીએમસી માર્કેટમાં ઘણા વેપારીઓ પડી રહેલા શાકભાજી ખાતર બનાવવા માટે આપી દે છે. ૧૫ જાન્યુઆરી સુધી શાકભાજીની ભરપૂર આવક રહે અને ભાવ ઘટેલા રહે તેવી શક્યતા છે. એ પછી ભાવમાં વધારો શરુ થશે.

### ધારાસભ્યોના શપથ બાદ કાયમી સ્પિકરની નિમણૂંક થશે

# રાજ્યના તમામ ધારાસભ્યો ૧૯ ડિસેમ્બરે શપથ લેશે

**વિધાનસભામાં પ્રોટેમ સ્પીકર તરીકે જાહેર થયેલા માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલ તમામ ધારાસભ્યોને શપથ લેવડાવશે**

અમદાવાદ, તા.૧૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટાયેલા તમામ ધારાસભ્યો ૧૯મી ડિસેમ્બરે શપથ લેશે. ત્યાર બાદ ૨૦મી ડિસેમ્બરે વિધાનસભાના નવા અધ્યક્ષાની વરણી કરવામાં આવશે. વિધાનસભામાં પ્રોટેમ સ્પીકર તરીકે જાહેર થયેલા માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલ તમામ ધારાસભ્યોને શપથ લેવડાવશે. ધારાસભ્યોના શપથ પછીના બીજા દિવસે વિધાનસભાના કાયમી સ્પીકરની નિમણૂંક કરવામાં આવશે. સુત્રોના જણાવ્યા પ્રમાણે વિધાનસભાના સ્પીકર માટે રમણલાલ વોરા, ગણપત વસાવા અને શંકર ચૌધરીનું નામ હાલમાં ચર્ચામાં છે.

૧૯ અને ૨૦ ડિસેમ્બરે ચૂંટાયેલા તમામ ધારાસભ્યો ગાંધીનગરમાં હાજર રહેશે. વિધાનસભામાં તેમની શપથ વિધીનું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં વિધાનસભાના પ્રોટેમ સ્પીકર તરીકે વડોદરાના માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલ ધારાસભ્યોને શપથ અપાવશે. રમણલાલ વોરા અને ગણપત વસાવા અગાઉ પણ વિધાનસભાન અધ્યક્ષ રહી ચૂક્યાં છે. ત્યારે નવા અધ્યક્ષ તરીકે કોણ ચાર્જ સંભાળશે એવી ચર્ચાઓ રાજકીય પક્ષોમાં થઈ રહી છે.

ગુજરાતના ૧૮મા મુખ્યમંત્રી તરીકે ભુપેન્દ્ર પટેલે ચાર્જ સાંભળી લીધો છે. ભુપેન્દ્ર પટેલ અને કેબીનેટ તેમજ રાજ્યકક્ષાના મંત્રીઓએ ગાંધીનગર ખાતે શપથ લીધા હતા. ગુજરાતમાં ભુપેન્દ્ર પટેલ સતત બીજી વખત સીએમ બન્યા છે. શપથ બાદ પ્રથમ કેબિનેટની બેઠક મળી હતી અને મંત્રીઓને તેમના ખાતાની ફાળવણી કરાઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સ્વર્ણિમ સંકુલમાં મંત્રીઓને પણ મળ્યા હતાં. મુખ્યમંત્રી ઉપરાંત મંત્રીમંડળમાં સામેલ અન્ય મંત્રીઓ પણ પોતાનો ચાર્જ લઈ લીધો હતો.

ગુજરાતમાં મંત્રીગણની શપથવિધી બાદ પ્રથમ કેબિનેટની બેઠક મળી હતી. આ બેઠકમાં મંત્રીઓને ખાતાઓની ફાળવણી કરવામાં આવી હતી. હવે ધારાસભ્યોના શપથગ્રહણ અને વિધાનસભાના નવા અધ્યક્ષાની ચૂંટણી થવાની છે. આ માટે વડોદરાના માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલને નવા પ્રોટેમ સ્પીકર બનાવવામાં આવ્યાં છે. પ્રોટેમ સ્પીકર તરીકે યોગેશ પટેલને સત્તાવાર જાણ કરવામાં આવી છે. હવે યોગેશ પટેલ તમામ નવા ચૂંટાયેલા ધારાસભ્યોને શપથ લેવડાવશે. સાથે જ કાયમી સ્પીકરની ચૂંટણી પ્રક્રિયા પણ હાથ ધરશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ભય કાયમ અજ્ઞાનમાંથી ઉત્પન્ન થાય છે.

- એમર્સન

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.અમરદાદ-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, માગસર વદ-૭, તા.૧૫ ડિસેમ્બર ૨૦૨૨, ગુરૂવાર, પારસી તા.૨, મુસ્લિમ તા.૨૦, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, વિષ્કુંભ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૨૬, સૂ.અ.૬:૦૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : ગેર સમજ દૂર થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.
વૃષભ: પારિવારીક જવાબદારીમાં વધારો થાય. લાભની નવિન તક સાંપડે.
મિથુન: આવકમાં વધારો થાય. સામાજિક ક્ષેત્રે પ્રભાવમાં વૃધ્ધિ થાય.
કર્ક : ધાર્મિક કાર્યોમાં વ્યસ્ત રહેવાય. રચનાત્મક પ્રવૃત્તિઓમાં સાફળતા મળે.
સિંહ: સ્વજનોનો સહયોગ મળે. શત્રુ પક્ષ સાથે સુલેહ થાય.
કન્યા: નવા કાર્યની સફળતા માટે મુસાફરી થાય. પ્રિયજનથી વિશેષ સ્નેહ રહે.
તુલા : સંપતિને લગતા કાર્યોમાં વિલંબ થાય. વાદ-વિવાદ ટાળવો હિતાવહ.
વૃશ્ચિક : પારિવારીક ક્ષેત્રે મહત્વના કાર્યમાં સફળતા મળે. અણધાર્યો લાભ થાય.
ધન : આત્મવિશ્વાસમાં વધારો થાય. સાહસિક કાર્યોમાં સાફળતા મળે.
મકર : નવિન યોજનાઓમાં સફળતા મળે. પરોપકારી કાર્યમાં સાવધાન રહેવું.
કુંભ : જવાબદારીવાળા કાર્યમાં સાવધાની રાખવી. શત્રુ પક્ષથી સાવધ રહેવું.
મીન : આનંદ-પ્રમાદમાં અધિકતા રહે. પ્રવાસમાં પીડા રહે.

# રોજગાર મેળામાં ૧૬ કંપનીઓએ એકસાથે ૭૧૨ ઉમેદવારની નોકરી માટે પસંદગી કરી




અમદાવાદ, તા. ૧૫

શાહીબાગ ખાતે રોજગાર કચેરી ખાતે રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૭૧૨ ઉમેદવારોને વાર્ષિક ૧ લાખથી ૪ લાખ સુધીના જોબ પેકેજ ઓફર કરાયાં હતાં. આ મેળામાં ૧૬ કંપની જોડાઈ હતી. રોજગાર મેળામાં નોકરી મેળવનારા ઉમેદવારમાં ધો.૧૦ પાસ ૧૮૯, ધોરણ ૧૨ પાસ ૧૪૫, ગ્રેજ્યુએટ ૧૪૮, આઈટીઆઈ ૨૯, ડિપ્લોમા એન્જિનિયરિંગના ૧૮ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. રોજગાર કચેરીમાં ૧૦૨૪ વેકન્સી માટે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી ૧૬ ડિસેમ્બરે વધુ એક રોજગાર મેળાનું આયોજન કરાશે, જેમાં અમદાવાદની અગ્રણી ૮ કરતા વધુ કંપનીઓ સ્થળ પર ઈન્ટરવ્યૂ લેશે, જે અંતર્ગત ધોરણ ૧૦ પાસ, ૧૨ પાસ, ગ્રેજ્યુએટ, આઈટીઆઈ તેમ જ ડિપ્લોમા એન્જિનિયરિંગ સહિતની વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે.

**વિદ્યાપીઠ માં આસિસ્ટન્ટ પ્રોફેસર માટે ૨૬મીએ ઇન્ટરવ્યૂ**

ગૂજરાત વિદ્યાપીઠમાં કમ્પ્યુટર સાયન્સના ૧, સોશિયોલોજી- સોશિયલ એન્થ્રોપોલોજીના ૨ અને અંગ્રેજી વિષયના ૧ મળી કુલ ૪ આસિ. પ્રોફેસરની ભરતી કરાશે. યુજીસીના નિયમ પ્રમાણે કોન્ટ્રાક્ટ આધારિત ભરતીના નિયમોને આધીન ભરતી થશે. પસંદગી બાદ ઉમેદવારોનો માસિક પગાર ૫૦ હજાર રહેશે. ઉમેદવારોએ ૨૬ ડિસેમ્બરે વિદ્યાપીઠની મુખ્ય ઓફિસે હાજર થવાનું રહેશે. આસિ. પ્રોફેસરના વિષય પ્રમાણે ઈન્ટરવ્યૂનો સમય અલગ રહેશે. નોટિફિકેશનમાં ઉમદવારે અલગ અલગ વિષય પ્રમાણે શૈક્ષણીક લાયકાત અલગ અલગ નક્કી કરાઈ છે. ઉમેદવારે ભરતી અનુરૂપ વિષયમાં ૫૫ ગુણ સાથે માસ્ટર ડિગ્રી મેળવેલી હોવી જોઈએ. ઉપરાંત ઉમેદવાર નેટ કે સરકાર માન્ય તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલી પણ હોવી જોઈએ.

# વિદ્યાસહાયકની ભરતી માટે ૨૬ હજાર ઉમેદવારોની કામચલાઉ મેરિટ યાદી જાહેર

## ધોરણ-૧થી ૫ની ૯૬૧ અને ધોરણ-૬થી ૮ની ૯૬૩ જગ્યા માટે કાર્યવાહી હાથ ધરાઈ હતી

અમદાવાદ, તા.૧૫

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં ધોરણ-૧થી ૮માં વિદ્યાસહાયક બનવા માંગતા ૨૬ હજાર ઉમેદવારોની કામચલાઉ મેરિટ યાદી જાહેર કરવામાં આવી છે. રાજયમાં સામાન્ય ભરતીની ૧૯૨૪ જેટલી જગ્યાઓ માટે કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં રાજયના ૨૬ હજાર જેટલા ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. કામચલાઉ મેરિટ યાદીમાં કોઈ ક્ષતિ હોય તો પ્રિન્ટ લઈ ૧૬ ડિસેમ્બર સુધીમાં સ્વીકાર કેન્દ્ર ઉપર આધાર પુરાવા સાથે રજૂ કરવા માટે જણાવાયું છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક પસંદગી સમિતિ દ્વારા ધોરણ-૧થી ૫ અને ધોરણ ૬થી ૮માં વિદ્યાસહાયકની ભરતી માટેની કાર્યવાહી શરૂ કરી હતી. જેમાં ૧૦ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ સામાન્ય ભરતી અને ઘટની ભરતી અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી. સામાન્ય ભરતીમાં ધોરણ-૧થી ૫ની ૯૬૧ અને ધોરણ-૬થી ૮ની ૯૬૩ જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવી હતી. જ્યારે ઘટની અરજીઓમાં ૬૭૬ જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવી હતી. સામાન્ય ભરતીની વાત કરીએ તો, ધોરણ-૧થી ૫માં ગુજરાતી માધ્યમમાં જનરલની ૬૭૮, એસસીની ૬૬, એસટીની ૨૩, એસઈબીસીની ૧૦૦ અને ઈડબલ્યુએસની ૯૪ મળીકુલ ૯૬૧ જેટલી જગ્યાઓ છે. જ્યારે ધોરણ-૬થી ૮માં ગુજરાતી માધ્યમમાં ગણિત વિજ્ઞાન વિષયમાં જનરલની ૨૭૪, એસસીની ૨૬, એસટીની ૨૫, એસઈબીસીની ૩૮ અને ઈડબલ્યુએસની ૪૦ મળી કુલ ૪૦૩ જગ્યા છે. આ જ રીતે ભાષાઓમાં જનરલની ૧૧૩, એસસીની ૧૩, એસટીની ૧૪, એસઈબીસીની ૧૭ અને ઈડબલ્યુએસની ૧૬ મળી કુલ ૧૭૩ તેમજ સામાજિક વિજ્ઞાન વિષયમાં જનરલની ૨૬૫, એસસીની ૨૯, એસટીની ૧૬, એસઈબીસીની ૩૯ અને ઈડબલ્યુએસની ૩૮ મળી કુલ ૩૮૭ જગ્યાઓ છે. આમ, ધોરણ-૬થી ૮ની કુલ ૯૬૩ જગ્યાઓ થાય છે. વિદ્યાસહાયકની સામાન્ય ભરતીની કામચલાઉ મેરિટ યાદી મંગળવારે બપોરે જાહેર કરવામાં આવી છે. ઉમેદવારો ટેટની પરીક્ષાનો બેઠક નંબર તથા અન્ય જરૂરી વિગતો ભરીને પોતાનો મેરિટ ક્રમાંક જોઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ઉમેદવારના નામ, લાયકાત, કેટેગરી અને મેરિટ ગુણમાં કોઈ ક્ષતિ હોય તો વેબસાઈટ પરથી ૧૫ ડિસેમ્બર સુધીમાં ઓનલાઈન સુધારા પત્રાકની પ્રિન્ટ મેળવી શકશે. આ સુધારા પત્રાકમાં જરૂરી આધાર પુરાવા સાથેની વાંધા અરજી સ્વિકાર કેન્દ્ર ઉપર ૧૬ ડિસેમ્બર સુધી આપવાની રહેશે.

# રાજ્યમાં ડુંગળીના વાવેતરમાં એકલા ભાવનગર જિલ્લાનો ૩૫ ટકા હિસ્સો

ભાવનગર,તા.૧૫

ભાવનગર જિલ્લાના ખેડૂતોને ડુંગળીના વાવેતરમાં હથરોટી આવી ગઈ હોય તેમ રાજયના કુલવાવેતરમાં એકલા ભાવનગર જીલ્લાએ ૩૫ ટકા વાવેતર કર્યું છે. જિલ્લામાં આ વર્ષે કુલ ૧૬,૩૦૦ હેકટરમાં ડુંગળીનું વાવેતર થયું છે. શિયાળુ ઠંડીનો આરંભ ગોહિલવાડ પંથકમાં થઈ ગયો છે જ્યારે રવિ પાકના વાવેતરમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ રહી છે. છેલ્લાં ૩ જ સપ્તાહમાં ભાવનગર જિલ્લામાં રવિ પાકના વાવેતરમાં ૪૯,૦૦૦ હેકટરનો વધારો નોંધાયો છે. ભાવનગર જિલ્લામાં હાલ રવિ પાકનું કુલ વાવેતર ૬૦,૫૦૦ હેકટરને આંબી ગયું છે. જેમાં સૌથી વધુ વાવેતર ગરીબોની કસ્તુરી ગણાતા ડુંગળીનું ૧૬,૩૦૦ હેક્ટરમાં થયું છે. ઘઉંઅનેચણાનું વાવેતર પણ નોંધપાત્ર થયું છે. રાજ્યમાં ડુંગળીનું કુલ વાવેતર ૪૬,૯૦૦ હેકટરમાં થયું છે તે પૈકી એકલા ભાવનગરજિલ્લામાં ડુંગળીનું વાવેતર ૧૬,૩૦૦ હેક્ટરમાં થતા રાજ્યમાં ડુંગળીના કુલ વાવેતરના ૩૪.૭૫ ટકા વાવેતર ભાવનગરમાં થયું છે. ગત સપ્તાહ સુધીમાં ભાવનગર જિલ્લામાં રવિ પાકનું વાવેતર વધીને ૫૩,૨૦૦ હેકટરમાં થયું હતુ. તે આ સપ્તાહે વધીને ૬૦,૫૦૦ હેક્ટર થઈ ગયું છે. ખાસ તો ગરીબોની કસ્તૂરી ગણાતા ડુંગળીના વાવેતરમાં ગુજરાતમાં ભાવનગર જિલ્લો હંમેશા પ્રથમ ક્રમે હોય છે.ભાવનગર સહિત રાજ્યભરમાં રવિ પાકનું વાવેતર શરૂ થઈ ગયું છે જેમાં હવે ગુજરાતભરમાં ડુંગળીનું કુલ વાવેતર ૪૬,૯૦૦ હેકટરમાં થયું છે તે પૈકી એકલા ભાવનગર જિલ્લામાં ડુંગળીનું ૧૬,૩૦૦ હેકટરમાં વાવેતર થયું છે.

પાંચ વર્ષની બાળકી સંક્રમિત થતાં હડકંપ

# કર્ણાટકમાં નોંધાયો ઝીકા વાયરસનો પહેલો કેસ

## રાજ્યના આરોગ્ય મંત્રી કે. સુધાકરે કહ્યું : પાંચ વર્ષની બાળકીને ઝીકા વાયરસનો ચેપ લાગ્યો હોવાની માહિતી આપી હતી

નવી દિલ્હી, તા.૧૫

કોરોનાની સમસ્યામાંથી હજુ માંડ બહાર જ આવ્યા છીએ કે ભારતમાં હવે એક નવા વાયરસની એન્ટ્રી થઈ ચૂકી છે. દેશના કર્ણાટક રાજ્યમાં ઝિકા વાયરસનો પ્રથમ કેસ નોંધાયો છે. આ કેસ નોંધવાના કારણે આરોગ્ય વિભાગ દોડતું થઈ ગયું છે તો બીજી તરફ તેના સામે શું પગલાં લેવી તેની તૈયારી પણ શરૂ કરી દેવામાં આવી છે. કર્ણાટકમાં પાંચ વર્ષની બાળકીમાં ઝિકા વાયરસના સંક્રમણની પુષ્ટિ થઈ છે. રાજ્યના આરોગ્ય મંત્રી કે. સુધાકરે કહ્યું કે પાંચ વર્ષની બાળકીને ઝીકા વાયરસનો ચેપ લાગ્યો હોવાની માહિતી આપી હતી અને ત્યાર પછી તેને સાવચેતીનાં પગલાં લેવાની સલાહ આપવામાં આવી છે. તેમણે કહ્યું કે રાજ્યમાં ઝિકા વાયરસનો આ પહેલો કેસ છે અને સરકાર સ્થિતિ ઉપર કાળજીપૂર્વક નજર રાખી રહી છે. તેને પહોંચી વળવા માટે આરોગ્ય વિભાગ સંપૂર્ણ રીતે તૈયાર છે. એડીઝ મચ્છરના કરડવાથી આ વાયરસ મનુષ્યમાં ફેલાય છે. આ મચ્છર દિવસે વધુ સક્રિય હોય છે. ગર્ભવતી મહિલાઓ ઉપર આ વાયરસનું વધુ જોખમ છે. ઝીકા વાયરસથી માઈક્રોકેફેલી બીમારી થાય છે જેના કારણે બાળક નાના આકાર સાથે જન્મે છે અને તેના મગજનો યોગ્ય વિકાસ થતો નથી. જેના કારણે ગ્યૂલેન- બૈરે સિન્ડ્રોમ શરીરની તંત્રિકા તંત્ર ઉપર હુમલો કરે છે જેના કારણે શારીરિક સમસ્યા સર્જાઈ શકે છે. ઝીકા વાયરસના લક્ષણ ડેન્ગ્યૂ અને વાયરલના લક્ષણો જેવા જ હોય છે જેમ કે, તાવ, સાંધાનો દુખાવો, શરીર ઉપર લાલ ચકામા, માથામાં દુખાવો અને આંખો લાલ થઈ જવી. ઝીકા વાયરસના સંક્રમણને રોકવા માટે વેક્સીનનું સંશોધન કરવામાં આવ્યું નથી. ઝીકા વાયરસથી બચવા માટે મચ્છરો ના કરડે તેનું ધ્યાન રાખવું જોઈએ. શરીર ઢંકાયેલું રહે તેવા કપડા પહેરો. ખુલ્લામાં સૂવું નહીં અને મચ્છરદાનીનો ઉપયોગ કરવો. ઘરની આસપાસ સાફ સફાઈ રાખવી. મચ્છરોનો ઉપદ્રવ રોકવા માટે પાણી ભરાય નહીં તેનું ધ્યાન રાખવું. તાવ, ગળામાં ખરાશ, સાંધાનો દુખાવો, આંખ લાલ થઈ જવી. આ લક્ષણો જોવા મળે તો તાત્કાલિક ડૉક્ટરનો સંપર્ક કરવો. આ પરિસ્થિતિમાં આરામ કરવો અને લિક્વિડ પદાર્થોનું વધુ સેવન કરવું.




# ધોરણ-૧૦ની પરીક્ષા માટે હવે ૭ જાન્યુઆરી સુધી ફોર્મ ભરી શકાશે

## ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થયા બાદ શિક્ષણ બોર્ડે મુદતમાં વધારો કર્યો : ૧૮ ડિસેમ્બર સુધી રેગ્યુલર ફી સાથે અને ત્યારબાદ લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે

અમદાવાદ, તા.૧૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૩માં લેવામાં આવનારી ધોરણ-૧૦ની પરીક્ષા માટેના ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. મંગળવારના રોજ ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થયા બાદ શિક્ષણ બોર્ડ દ્વારા ફોર્મ ભરવાની મુદત લંબાવી રેગ્યુલર ફી સાથે ફોર્મ સ્વીકારવાની મુદત ૧૮ ડિસેમ્બર સુધી કરી છે. રેગ્યુલર ફી સાથે ફોર્મ સ્વીકારવાની મુદત પૂર્ણ થયા બાદ ૧૯ ડિસેમ્બરથી ૭ જાન્યુઆરી સુધી ત્રણ તબક્કામાં લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવાનું નક્કી કરાયું છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૩માં લેવામાં આવનારી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટેની તૈયારીઓ શરૂ કરાઈ હતી. જેમાં બોર્ડ દ્વારા સૌપ્રથમ શાળાઓનું અને ત્યારબાદ શિક્ષકોના રજિસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ શિક્ષણ બોર્ડે ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરી હતી. ત્યારબાદ તબક્કાવાર ધોરણ૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ફોર્મ ભરવાની કામગીરી હાથ ઉપર લેવામાં આવી હતી. જેમાં ધોરણ-૧૦ના ફોર્મ ભરવાની મુદત ૧૪ નવેમ્બરથી શરૂ કરવામાં આવી હતી અને ૧૩ ડિસેમ્બર સુધી રેગ્યુલર ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે તેવી જાહેરાત કરાઈ હતી. મંગળવારના રોજ ધોરણ૧૦ના ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થયા બાદ શિક્ષણ બોર્ડ દ્વારા ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરવાની જાહેરાત કરાઈ છે. જે મુજબ ૧૩ ડિસેમ્બરની મુદત પૂર્ણ થયા બાદ રેગ્યુલર ફી સાથે ફોર્મ ભરવાની મુદત ૧૮ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે. રેગ્યુલર ફી સાથે ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થયા બાદ ત્રણ તબક્કામાં લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે. લેઈટ ફી સાથેનો પ્રથમ તબક્કો ૧૯ ડિસેમ્બરથી ૨૩ ડિસેમ્બર સુધીનો રહેશે. જેમાં બોર્ડ દ્વારા રૂા. ૨૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે. ત્યારબાદ બીજા તબક્કામાં ૨૪ ડિસેમ્બરથી ૨ જાન્યુઆરી સુધીમાં રૂા.૩૦૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે અને છેલ્લા તબક્કામાં ૩ જાન્યુઆરીથી ૭ જાન્યુઆરી સુધી રૂા.૩૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે.

# અરૂણાચલની અથડામણમાં ઓછામાં ઓછા ૨૦ ભારતીય સૈનિકો ઘાયલ થયા છે : અરૂણાચલના ભાજપ સાંસદ

નવી દિલ્હી, તા.૧૫

ભાજપના અરૂણાચલ પ્રદેશના સાંસદ તાપિર ગાઓએ કહ્યું કે, એલએસી ઉપર તવાંગ ખાતે ભારત અને ચીનના સૈનિકો વચ્ચેની અથડામણમાં ઓછામાં ઓછા ૨૦ સૈનિકો ઘાયલ થયા હતા અને તેમાંથી કેટલાક ગંભીર રીતે ઘાયલ થયા હતા. ભાજપના સાંસદ તાપિર ગાઓનું નિવેદન સંસદમાં સંરક્ષણ મંત્રી રાજનાથ દ્વારા અપાયેલા નિવેદનથી મેળ ખાતું નથી જેમાં રાજનાથે સરકાર તરફથી જણાવ્યું હતું બંને પક્ષોના સૈનિકોને સામાન્ય ઈજાઓ થઈ હતી. ગાઓએ એવું પણ કહ્યું કે, છ સૈનિકોને ગંભીર ઈજાઓ થતાં તેમને તાત્કાલિક વિમાન દ્વારા આસામના ગુવાહાટીમાં સારવાર માટે લઈ જવાયા હતા. સંસદમાં રાજનાથના નિવેદન ઉપર વિપક્ષે જોરદાર હંગામો કર્યો હતો અને મોદી સરકાર ઉપર વાસ્તવિકતાઓ છૂપાવવાનો આરોપ લગાવ્યો હતો. કોંગ્રેસે કહ્યું કે, છેલ્લા બે વર્ષથી અમે સરકારને આ મુદ્દે જગાડવાના પ્રયાસ કરીએ છીએ પરંતુ મોદી સરકાર રાજકીય આકાંક્ષાઓને કારણે આ મુદ્દાને દબાવી રાખવાના પ્રયાસ કર્યા હતા.

# ચીન સાથે તંગદિલી વચ્ચે ભારતે અરૂણાચલના આકાશમાં હવાઈ પેટ્રોલિંગ શરૂ કર્યું

નવી દિલ્હી, તા.૧૫

અરૂણાચલ પ્રદેશના આકાશમાં ભારતીય વાયુસેના એક્ટિવ કોમ્બેટ પેટ્રોલ ઉડાનો ભરી રહી છે તેથી ચીન દ્વારા થનારા હવાઈ ક્ષેત્રના ઉલ્લંઘનને રોકવામાં આવે. આ જાણકારી સૂત્રોમાંથી મળી હતી. સૂત્રોએ કહ્યું કે, તાજેતરના અઠવાડિયામાં અરૂણાચલ પ્રદેશના હવાઈ ક્ષેત્રમાં ચીન દ્વારા સંભવિત ઉલ્લંઘનોને રોકવા માટે લડાકુ વિમાનોએ બેત્રણ વખત ઉડાનો ભરવી પડી હતી. ભારતીય હવાઈ દળે અરૂણાચલ પ્રદેશમાં એલએસીનો પાર ચીનની ગતિવિધિઓ વધેલી હોવાનું જણાયું હતું. તાજેતરમાં બહાર આવ્યું હતું કે, ૯ ડિસેમ્બરે ભારત અને ચીનના સૈનિકો વચ્ચે અરૂણાચલના તવાંગમાં એલએસી પર એક નાની અથડામણ થઈ હતી જે બાદ બંને સેનાઓ પાછળ ખસી ગઈ હતી. સૂત્રો અનુસાર ચીનની સેનાએ એલએસી પાર કરી લીધું હતું જેનો ભારતીય જવાનોએ જોરદાર વિરોધ કર્યો હતો.

# ભારતીયોનું વિદેશમાં સ્થળાંતર સતત વધી રહ્યું છે

વિશ્વના ઈતિહાસ ઉપર એક નજર નાખીએ તો સામૂહિક સ્થળાંતર સદીઓથી થતું આવ્યું છે. જેમજેમ વિશ્વ વધુ સમાવિષ્ટ બન્યું તેમ, સ્થળાંતરની પેટર્ન અને પ્રકૃતિમાં નોંધપાત્ર ફેરફાર થયો. એક સમયે લોકો વધુ સારી જીવનશૈલીની શોધમાં દેશની અંદર એક જગ્યાએથી બીજા સ્થળે સ્થળાંતર કરતા હતા, પછીના ગાળામાં તેમના વંશજો વિશ્વના વિવિધ ભાગોમાં મુસાફરી કરવા માટે સમુદ્ર ઓળંગતા થયા. ઈમિગ્રન્ટ્સની આ નવી પેઢી પોતાના સપનાનું જીવન જીવવા માટે નવી સંસ્કૃતિઓને અનુકૂળ થતાં શીખી. વૈશ્વિક સ્તરે, ભારતીયો ઈમિગ્રન્ટ્સના ચાર્ટમાં ટોચ ઉપર છે. ભારતીય યુવાનો સારા શિક્ષણ અને નોકરીની સંભાવનાઓ માટે વિદેશોમાં સ્થળાંતર કરી રહ્યા છે. તેમાંના મોટા ભાગના ત્યાં સ્થાયી થયા છે અને પાછા આવવા તૈયાર નથી. છેલ્લાં કેટલાંક વર્ષોમાં લાખો ભારતીયો વિદેશમાં સ્થળાંતર કરી ચૂક્યા છે. ઘણા ઓછી વસ્તી ધરાવતા દેશોમાં તો કુલ વસતીમાં મોટો વધારો નોંધાયો જેમાંથી મોટાભાગના ભારતીયો છે.

ભારત વિશ્વમાં સૌથી વધુ રેમિટન્સ મેળવનાર દેશ છે. સ્થળાંતર કરનારાઓ તરફથી આવતા રેમિટન્સના પ્રવાહે દેશની અર્થવ્યવસ્થાને નોંધપાત્ર રીતે મજબૂત કરી છે, તેમ છતાં તેના સ્માર્ટ અને પ્રતિભાશાળી વ્યાવસાયિકો વિદેશમાં સ્થાયી થવાને કારણે બ્રેઈન ડ્રેઈન ભારત માટે એક મોટો પડકાર છે. શા માટે ભારતીય યુવાનો દેશ છોડીને વિદેશમાં જઈ રહ્યા છે ? શા માટે ધનીકો વિદેશમાં સ્થાયી થવાનું પસંદ કરે છે ? મોટાપાયે સ્થળાંતર ભારતીય અર્થતંત્રને કેવી રીતે નુકસાન પહોંચાડશે ? કયા પરિબળો તેમને દેશ છોડીને વિદેશમાં સ્થાયી થવા માટે પ્રેરિત કરે છે ? ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જતા વિદ્યાર્થીઓ પાછા ફરશે ? આવા ઘણા પ્રશ્નો વિષે ભારતે વિચારવાની જરૂર છે. માઈગ્રેશન કન્સલ્ટન્સી હેનલી એન્ડ પાર્ટનર્સના તાજેતરના અહેવાલ મુજબ કોરોનાકાળ પછી અબજપતિઓનો ભારત છોડી જવાનો સિલસિલો ફરી શરૂ થયો છે. ૨૦૨૨માં અત્યાર સુધીમાં આવા ૮૦૦૦ ધનીકો ભારત બહાર સ્થળાંતર કરી ચૂક્યા છે. ધનીકોના દેશ છોડવાના મામલે ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે, પહેલા ક્રમે ૧૫૦૦૦ સાથે રશિયા અને ૧૦૦૦૦ સાથે ચીન છે. આ બંને દેશમાં ધનીકોનું દેશ છોડવાનું કારણ આપણે જાણીએ છીએ તેમ યુદ્ધ, કોવિડ લોકડાઉન કે રાજકીય છે. અહીં આપણે એવા ધનીકોની વાત કરીએ છીએ જેમની પાસે એક મિલિયન ડોલર કે તેથી વધુની સંપત્તિ છે. ભારત પછી હોંગકોંગ અને યુક્રેને અનુક્રમે ૩૦૦૦ અને ૨૮૦૦ અબજપતિ ગુમાવ્યા. જો કે, બ્રિટને પણ વર્ષ દરમ્યાન ૧૫૦૦ ધનીકો ગુમાવ્યા જે યાદીમાં સાતમા ક્રમે છે. જ્યારે **UAE**, ઓસ્ટ્રેલિયા અને સિંગાપોર એવા દેશો છે જ્યાં અબજપતિઓએ સ્થળાંતર કરવાનું પસંદ કર્યું છે. જો કે અહેવાલ સૂચવે છે કે સ્થળાંતર કરનારા ૮૦૦૦ ધનીકો ભારતના કુલ ધનીકોના માત્ર બે ટકા છે. ભારતમાં અબજપતિઓની સંખ્યા ૩,૫૭,૦૦૦ જેટલી છે. ભારત પોતાના ધનીકો ગુમાવી રહ્યું છે તેના કરતાં વધુ ધનીકો બનાવી રહ્યું છે.

રિપોર્ટમાં ૨૦૩૧ સુધીમાં ભારતીય અબજપતિઓની સંખ્યામાં ૮૦ ટકાનો વધારો થવાની અપેક્ષા છે, જે આ સમયગાળા દરમ્યાન તેને વિશ્વના સૌથી ઝડપથી વિકસતા સંપત્તિ બજારોમાંનું એક બનાવશે. સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સના અહેવાલ મુજબ, ભારતીય પરિવારો **G20** અર્થતંત્રોમાં સૌથી વધુ ખર્ચ કરનાર બનશે, કારણ કે ભારત પોતે જાપાન અને જર્મનીને પાછળ છોડીને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. આમ છતાં ગયા બે વરસની સરખામણીમાં ૮ ટકા વધુ ધનીકો દેશ છોડી અન્ય દેશમાં વસ્યા છે. ૨૦૧૪થી અત્યાર સુધી સૌથી વધુ એટલે કે ૨૩,૦૦૦ ધનીક ભારતીયો વિદેશોમાં સ્થાયી થઈ ચૂક્યા છે. ભારત ડિજિટલ ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યું છે ત્યારે સિંગાપોર ડિજિટલ બિઝનેસ કરનારા માટે પસંદગીનું સ્થળ બની રહ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૨૧માં લોકસભામાં રજૂ કરાયેલા ડેટા અનુસાર, ૨૦૨૧માં જ કુલ ૧.૬ લાખ લોકોએ ભારતીય નાગરિકતા છોડી દીધી હતી. છેલ્લા સાત વર્ષોમાં દરરોજ સરેરાશ ૩૪૫ લોકોએ ભારતીય નાગરિકતામાંથી મુક્તિ મેળવી છે. મોર્ગન સ્ટેનલીના અહેવાલ મુજબ ભારતના ભ્રષ્ટાચાર અને બિનજરૂરી દખલગીરીને કારણે મોટા ઉદ્યોગપતિઓ વિદેશમાં સ્થળાંતર કરવા પ્રેરાય છે.

ભારતીય મજૂરોના તેલસમૃદ્ધ ગલ્ફ દેશોમાં સ્થળાંતરથી શરૂ થયેલી આ ઘટના ટેક્નોલોજી ક્ષેત્રના વિકાસ સાથે અમેરિકા અને યુરોપિયન દેશોમાં સ્થળાંતર સુધી પહોંચી છે. ૧૯૯૦ની સરખામણીમાં ૨૦૨૦માં **UAE**માં ભારતીય ઈમિગ્રન્ટ્સની સંખ્યામાં ૬૫૭ ટકાનો વધારો થયો છે. નોકરીની શોધમાં આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કરનારાઓમાં ભારતીય ડાયસ્પોરા ત્રીજા ક્રમે આવે છે. છેલ્લા ત્રણ દાયકામાં **UAE, US** અને સઉદી અરેબિયામાં ભારતીયોનું સ્થળાંતર નોંધપાત્ર રીતે વધ્યું છે. જો કે, ૨૦૨૦ પછી ભારતીય ડાયસ્પોરાના પસંદગીના સ્થળો યુકે, કેનેડા, યુએસ, ઓસ્ટ્રેલિયા અને આયર્લેન્ડ બન્યા છે.

ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ક્રાંતિના પરિણામે અમેરિકામાં નોકરીની વિપુલ તકો ઊભી થઈ છે. મોટી સંખ્યામાં નિષ્ણાંત ટેકનિશિયન યુએસ સ્થળાંતરિત થયા છે. ૨૦૨૦ના ડેટા મુજબ, ૨૭ લાખ ભારતીય માઈગ્રન્ટ્સ યુએસમાં રહે છે. આજે તો ઘણા લોકો બાળપણથી જ વિદેશમાં અભ્યાસ કરવા અને કામ કરવાના સપના જોતા હોય છે. અભ્યાસ માટે વિદેશ જતા ૯૯ ટકા વિદ્યાર્થીઓ પાછા આવવા માંગતા નથી. તેઓ યુકે અને કેનેડા જેવા દેશોમાં અદ્‌ભુત સુવિધાઓ અને તકોને જોતાં સ્થાયી થવા માંગે છે. ભારતમાંથી વર્ષે લગભગ પાંચ લાખ વિદ્યાર્થીઓએ વિદેશમાં અભ્યાસ કરવા માટે અરજીઓ કરે છે. કેનેડા, યુકે અને જર્મની જેવા ઓછી વસતીવાળા દેશોમાં યુવાનોની સંખ્યા ઘણી ઓછી છે. ભારત જેવા દેશોના વિદ્યાર્થીઓને આકર્ષિત કરીને, તેઓ પોતાની યુનિવર્સિટીમાં ઘટતા સ્થાનિક પ્રવેશ દરને ભરપાઈ કરી શકે છે અને ઓછી યુવાન વસ્તીના કારણે સર્જાયેલી મજૂરીની ઘટ ભરી શકે છે. ભારતમાં શિક્ષિત, પ્રતિભાશાળી યુવાનોનો મોટો સમૂહ છે. જો કે ભારતમાં તેજસ્વી વિદ્યાર્થીઓ તેમના કૌશલ્ય પ્રમાણેની ઊંચા પગારની નોકરીઓ નથી મેળવી શકતા તેથી તેમને વિદેશ તરફ મીટ માંડવાની ફરજ પડે છે.

**CMIE**ના ૨૦૨૧ના અહેવાલમાં દર્શાવ્યું છે કે આજે દેશમાં એવી સ્થિતિ છે કે ડિગ્રીધારક દર પાંચમાંથી એક વિદ્યાર્થીને નોકરી નથી મળતી. ૨૦૧૮ના આંકડા મુજબ, દેશમાં શિક્ષિત યુવાનોમાં બેરોજગારીનો દર ૧૩.૨ ટકા છે જે ૨૦૧૭માં ૧૨.૭ ટકા હતો. આનો અર્થ એ છે કે બેરોજગારીનું સંકટ દર વર્ષે ગંભીર બનતું જાય છે. યુવાનો ભારતમાં કામના કલાકોથી પણ ખુશ નથી. વિદેશમાં ઊંચા પગારવાળી નોકરીઓ અને અનુકૂળ કામના કલાકોનો તેમને આકર્ષિત કરે છે. તેમના માટે વિદેશમાં સ્થાયીનો મુખ્ય ફાયદો એટલે ઓછું કામ અને વધુ સારૂં જીવન. જ્યારે ભારતમાં ઓછા પગારમાં લાંબા કલાકો સુધી કામ કરવાની ફરજ પડે છે. આ બધામાં ભારત એક મુદ્દે હરખાઈ શકે છે. ભારતીય અર્થતંત્રને સ્થિતિસ્થાપક બનાવવામાં **NRI** થાપણો દ્વારા મોકલવામાં આવતી રકમ મુખ્ય ભૂમિકા ભજવે છે. ગયા વર્ષે (૨૦૨૧-૨૨), ભારતને બિનનિવાસી ભારતીયો પાસેથી ૮૯ બિલિયન ડોલરના મૂલ્યનું વિદેશી હૂંડિયામણ મળ્યું, જે દેશની જીડીપીના ત્રણ ટકા છે. વિશ્વભરમાં બિનનિવાસી ભારતીયોની વસ્તી ૨.૫ કરોડ છે. મોટાભાગના રેમિટન્સ છ અરબ ગલ્ફ દેશોમાં રહેતા ૮૮ લાખ ભારતીય કામદારો દ્વારા મોકલવામાં આવ્યા હતા. તાજેતરના આંકડા દર્શાવે છે કે ભારત સરકારના વિદેશી વિનિમય અનામતમાં ઘટાડો થઈ રહ્યો છે. ફોરેક્સ રિઝર્વ ઘટીને ૫૪૭ બિલિયન ડોલરની બે વર્ષની નીચી સપાટીએ છે. રૂપિયાની કિંમત તળિયે આવી ગઈ છે. **NRI** થાપણો ભારતીય અર્થતંત્ર અને રૂપિયાને ટકાવી રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. **NRI** થાપણો, જે ૨૦૦૮માં ૪૦૦૦ કરોડ ડોલર હતી, તે ૨૦૨૨માં વધીને ૧૩,૯૦૦ કરોડ ડોલર થઈ ગઈ છે.

આમ જનતાને ન્યાય અપાવવા

# જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ફરીયાદ નિવારણ સેલ કાર્યરત છે, પિડીતોએ લેખિત ફરીયાદ મોકલવા અનુરોધ

જૂનાગઢ તા. ૧૫

જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમિતિના જાહેર પબ્લીક ફરીયાદ નિવારણ વિભાગના અધ્યક્ષ વી.ટી. સીડાની એક યાદી જણાવે છે કે, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ ઠાકોર તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પુર્વ પ્રમુખ અને પોરબંદરના નવનિયુકત ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડીયા અને જાહેર પબ્લીક ફરીયાદ નિવારણના પ્રદેશ અધ્યક્ષ મહેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજયની સાથો સાથ જૂનાગઢ જીલ્લામાં જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરતભાઈ અમીપરાની આગેવાનીમાં જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમિતિનું જાહેર પબ્લીક ફરીયાદ નિવારણ વિભાગ વિધાનસભાની ચુંટણીઓ પુર્ણ થયા બાદ જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ ભવન ગાંધીચોક ખાતે કાર્યરત થયેલ છે. જેમાં જૂનાગઢ જીલ્લાની જાહેર જનતામાંથી કોઈપણ નાગરીકનો વ્યાજખોરો કે માથાભારે તત્વોથી કે જમીન માફિયાઓ વિગેરેથી પિડીત હોય તે કાયદાની મદદ માટે જૂનાગઢ જીલ્લા કોંગ્રેસના જાહેર પબ્લીક ફરીયાદ નિવારણ વિભાગનો સંપર્ક કરીને મદદ માંગી શકે છે. કોંગ્રેસ કાર્યાલયે આવનાર કોઈપણ પિડીત માટે કોંગ્રેસ પક્ષ કાયદાકીય રીતે અવાજ ઉઠાવીને ન્યાય આપવા પ્રયત્ન કરશે. જેથી જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ જાહેર પબ્લીક ફરીયાદ નિવારણ વિભાગના જીલ્લા અધ્યક્ષ વી.ટી. સીડાના અધ્યક્ષસ્થાને દિવસના દશ કલાક અને ઈમરજન્સી ચોવીસ કલાક કાર્યરત રહેશે. આ અંગે મો.૯૪૨૮૩ ૭૮૩૨૯, વોટ્સએપ નં.૯૭૩૭૨ ૮૨૦૨૨ ઉપર ફરીયાદ મોકલી આપવા યાદીમાં જણાવેલ છે.

દ્વારકાના ગાયત્રી મંદિર પાસે આવેલ પંચમુખી હનુમાન મંદિરે

# શ્રી દ્વારકાધીશ ગોપી મંડળ દ્વારા તા.૧૬ થી ૨૨ ડીસેમ્બર દરમ્યાન શ્રીમદ્ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૫

ધર્મનગરી દ્વારકાના સમુદ્ર કિનારે આવેલ ગાયત્રી મંદિર પાસે આવેલા પંચમુખી હનુમાનજીના મંદિરે આગામી તા.૧૬મી ડીસે.થી તા.૨૨ ડીસે. દરમ્યાન દ્વારકાધીશ ગોપી મંડળ દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ ભાગવત સપ્તાહની વ્યાસપીઠ ઉપર દ્વારકાના પ્રસિધ્ધ ભાગવતાચાર્ય ચેતનભાઈ સાતા બિરાજીને એમની સ્વરયુકત મૌલિક શૈલીમાં શ્રી ભાગવત પિયુષનું રસપાન કરાવશે. પ્રતિદિન સપ્તાહનો મુખ્ય યજમાન દ્વારકાધીશ પ્રભુ રહેશે.

ભાગવત સપ્તાહના દિવસો તા.૧૬-૧૨-૨૨ થી તા.૨૨-૧૨-૨૨ દરમ્યાન દેહશુરથી ગણપતિ પૂજન, લક્ષ્મીનારાયણ પૂજન, પોથીજી યાત્રા, વામન અવતાર, શ્રીરામ અવતાર, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન ઉત્સવ, રૂકમણી વિવાહ, પરીક્ષિત મોક્ષ તેમજ અન્ય પ્રસંગો ખુબ ધામધુમથી ઉજવવામાં આવશે. ભાગવત સપ્તાહના અંતિમ દિવસો એટલે કે તા.૨૨-૧૨-૨૨ ને ગુરૂવારે સવારે ૯ થી ૧૧.૩૦ દરમ્યાન દશાંશ યજ્ઞ યોજાશે. સમગ્ર ધર્મોત્સવનો શહેરની ધર્મપ્રેમી જનતાને લાભ લેવા દ્વારકાધીશ ગોપી મંડળ દ્વારા ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# બોલીવૂડ અભિનેત્રી જાન્હવી કપૂરના હસ્તે વર્ષા નથવાણીની હાજરીમાં એઝયોર સલૂન એન્ડ નેઈલ્સ લોન્ચ

**એઝયોર સલૂન એન્ડ નેઈલ્સ તમામ સલૂન સેવાઓ માટે પ્રીમિયમ એક્સક્લુઝિવ સ્યુટ ઓફર કરે છે**





અમદાવાદ, તા.૧૫

બોલિવૂડ દીવા જાન્હવી કપૂરે અમદાવાદના પ્રહલાદનગર વિસ્તારમાં એઝડયુર સલૂન અને નેઈલ્સની ચોથી પ્રીમિયમ ફ્રેન્ચાઈઝીને અતિથિ વિશેષ વર્ષા નથવાણી અને એઝ્યુર સલૂન અને નેઈલ્સના સ્થાપક અને સીઈઓ કૃપા લિમ્બાચીયાની હાજરીમાં લોન્ચ કરી હતી.

બોલીવૂડ અભિનેત્રી જાન્હવી કપૂરે આ પ્રીમિયમ સલૂન સર્વિસ ફ્રેન્ચાઈઝીના લોન્ચ ઉપર ખુશી વ્યક્ત કરી હતી. ‘‘મને આ જગ્યા ગમે છે કારણ કે તે પ્રીમિયમ સેવાઓ પૂરી પાડે છે. તેથી જ્યારે પણ હું શૂટિંગ અથવા અન્ય કોઈ પણ કામ માટે અમદાવાદમાં હોઈશ, ત્યારે હું આ સ્થળની મુલાકાત લેવા અને એઝયોર સલૂન અને નેઈલ્સની સેવાઓ લઈશ," તેમ તેણીએ કહ્યું હતું. તેની મનપસંદ સલૂન સેવાઓ વિશે વાત કરતા, તેણે કહ્યું કે તેને સરસ હેડ મસાજ ગમે છે. "આઈ એમ અ પક્કા ચંપી ગર્લ", તેમ પણ તેણે ઉમેર્યું હતું.

‘‘આ અમારૂ પ્રીમિયમ સલૂન છે જે હાઈ નેટવર્થ ગ્રાહકોને લક્ષ્યમાં રાખીને તૈયાર કરાયું છે, તેઓ હેર સ્પા, નેઈલ આર્ટ, મેનીક્યોર, પેડિક્યોર અને બ્યુટી ટ્રીટમેન્ટ સુધીની સુવિધાઓ માટે તેમની સલૂનની તમામ જરૂરિયાતો માટે વિશિષ્ટ સલૂન સ્યુટબૂક કરી શકે છે, એમ એઝયોર સલૂન અને નેઈલ્સના સ્થાપક અને સીઈઓ કૃપા લિમ્બાચિયાએ જણાવ્યું હતું.

એઝયોર સલૂન એન્ડ સ્પાએ સૌંદર્ય સેવાઓ માટે સલૂનની મુલાકાત લેતી મહિલા ગ્રાહકોના બાળકો માટે પણ વિશેષ વ્યવસ્થા કરી છે. બાળકોની ખુરશીઓ કારના આકારમાં ડિઝાઈન કરવામાં આવી છે અને ગ્રાહકોના બાળકોને તેમની માતાઓ બ્યુટી ટ્રીટમેન્ટ કરાવતી હોય ત્યારે તેમને વ્યસ્ત રાખવા માટે રમકડાં આપવામાં આવે છે. તદુપરાંત, આ સલૂનમાં દુલ્હા અને દુલ્હન માટે લગ્નને અનુરૂપ સુંદરતા અને મેક-અપની સેવાઓ મેળવવા માટે ચાર વિશેષ રૂમ તૈયાર કરાયા છે. એઝયોર સલૂન એન્ડ નેઈલ દ્વારા આજે અમદાવાદમાં પ્રહલાદનગર ખાતે તેનો ચોથો સ્ટોર લોન્ચ કરવામાં આવ્યો છે. આ પહેલા વસ્ત્રાપુરમાં માનસી સર્કલ, બોપલ અને ચાંદખેડાના તપોવન સર્કલ ખાતે ત્રણ સ્ટોર શરૂ કરવામાં આવ્યા હતા.

# ૮૯ વર્ષથી અખંડ જયોત જલે છે તેવું માણાવદર શહેરનું અનોખું ચૈતન્ય હનુમાન મંદિર



માણાવદર તા. ૧૫

માણાવદર પંથકનું અનોખું હનુમાનજી મંદિર એટલે ચૈતન્ય હનુમાન મંદિર. કોઈ ટ્રસ્ટ નહીં કોઈ મંડળી નહીં કે કોઈ ગાદીપતિ નહીં. માત્ર રામ ભરોસે છેલ્લા ૮૯ વર્ષથી અખંડ જયોતથી ઝળહળતું ચૈતન્ય હનુમાન મંદિર માણાવદર પંથકનું સૌથી પ્રાચીન અને અવધુત મંદિર મનાય છે.

માણાવદરના પ્રાચીન રાજાશાહી વખતના પાવર હાઉસ સામે આવેલું ચૈતન્ય હનુમાન મંદિર નવાબી કાળથી અડીખમ ઉભું છે. છેલ્લા ૮૯ વર્ષથી અખંડ જયોત અને ધજા અહીં ફરકે છે. આ મંદિરમાં હનુમાનજીની સ્વયંભૂ મનમોહક પથ્થરમાંથી પ્રગટ થયેલી મુર્તિ છે. ચમેલીના તેલમાં બનારસી સિંદુરથી ઝળહળતું મુખ, નાનકડો નાજુક મુગટ, દિવે મનોહર નયનો, આંકડાની માળા, ૮૯ વર્ષથી અવિરતપણે ચાલતી અખંડ જયોત કહો કે અખંડ દિપનું તેજોમય તેજ કહો, અખંડ જયોતની તદન નજીક અષ્ટ વિનાયક બિરાજે છે. સિંદર, યજ્ઞોપવિત, મધુરો નાદ કરતી પિતળની નાનકડી ઘંટડી, જગારા મારતો નાનકડો ઘંટ, ઉભુ ફાટેલ શ્રીફળની પ્રસાદી ચૈતન્યની અવધૂતી અનુભુતિ કરાવે તેવું મંગલમય વાતાવરણ જોવા મળે છે.

ચૈતન્ય હનુમાન મંદિર ૨૪ કલાક ખુલ્લું જ હોય છે. તેના દર્શન માત્રથી અલૌકિક આનંદની અનુભુતિ થાય છે. અનેક લોકોના દુઃખદર્દ દુર કરે છે. લોકો માનતા પુરી કરવા દેશ વિદેશથી આવે છે માણાવદર પંથકની પાંચ અવધુતી ચેતનાઓમાં પૂ.બ્રહ્મલીન રઘુવીરદાસબાપુ, નથુરામ શર્માજી (આનંદ આશ્રમ લીંબુડા), પૂ.ડાયારામબાપા (નાનડીયા), ભગવાન સ્વામિનારાયણના સખા ભૂદેવ મયારામ ભટ્ટ અને ચૈતન્ય હનુમાન મંદિરમાં નવાબી કાળથી અખંડ જયોત જે અવધુતી ચેતનાની અનુભુતી કરાવે છે.

# શનિવારે અમદાવાદનાં આંગણે એન્જીએકસ્પો ૨૦૨૨ યોજાશે




અમદાવાદ, તા.૧૫

એન્જિનીયરીંગ ઉદ્યોગમાં મોટી કોન્ફરન્સ અને પ્રદર્શનને એક સાથે લઈ આવનાર એન્જિએકસ્પો ૨૦૨૨ અમદાવાદમાં ૧૭થી ૧૯ ડિસેમ્બરે યોજાશે. આ ત્રણ દિવસીય મેગા-ઈવેન્ટ એન્જિનીયરીંગ ઉદ્યોગે તેમની અદ્યતન પ્રોડકટ્સ માટે ઉત્કૃષ્ટ તક પૂરી પાડશે.

એન્જિએકસ્પો ૨૦૨૨ને અભૂતપૂર્વ પ્રતિસાદ અને સમર્થન મળ્યુ છે અને તેમાં ભારતભરની વિવિધ ક્ષેત્રો અને ડોમેનની ૫૦૦થી વધુ એન્જિનીયરીંગ કંપનીઓ ભાગ લેશે. આ ત્રણ દિવસમાં ૫૦,૦૦૦થી વધુ મુલાકાતીઓ મુલાકાત લે તેવી શક્યતાઓ છે.

‘‘એન્જિએકસ્પો એન્જિનીયરંગ વિશ્વની અદ્યતન ટેકનલોજીઓ અને પ્રોડકટસનું પ્રદર્શ કરવાની તક પૂરી પાડે છે અને પ્રદર્શનોમાં અને વ્યાપારી મેળાઓમાં તે એક પ્રતિષ્ઠિત બ્રાન્ડ તરીકે ઉભરી આવી છે. વધુમાં તે દેશના ઉદ્યોગ અગ્રણીઓ, સંશોધકો અને ઉદ્યોગસાહસિકોને નેટવર્કીંગ, વિચારોની આપલે અને કારોબાર વૃદ્ધિની સુંદર તક પૂરી પાડશે. એન્જિએકસ્પોને મળેલા પ્રતિસાદને જોતા અમને આ વખતે પણ નવી ઊંચાઈએ સ્પર્શવાનો આત્મવિશ્વાસ છે,’’ એમ રવેએડવર્ટાઈઝીંગના સીઈ અંબાલાલ ભંડારકરે કે જેઓ ફેડરેશન ઓફ સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી સંયુક્ત રીતે એન્જિએકસ્પોનું આયોજન કરી રહ્યા છે તેમણે જણાવ્યું હતું.

સ્થાનિક એન્જિનિયરિંગ ઉદ્યોગની ક્ષમતાઓને પ્રદર્શિત કરવા અને તેને પ્રોત્સાહન આપવા માટે એક અનોખું પ્લેટફોર્મ પૂરું પાડીને અને તેની સંભવિતતાને ખુલ્લી કરવામાં મદદ કરીને, એન્જિએકસ્પોએ મેક ઈન ઈન્ડિયા અને અન્ય ઝુંબેશને પણ મોટું પ્રોત્સાહન આપ્યું છે.

એન્જિએકસ્પો ૨૦૨૨ના પ્રદર્શકો વેલ્ડીંગ મશીન, વેલ્ડીંગ રોબોટ, લેસર કટીંગ મશીન, સલામતી સાધનો, પાવર ટૂલ્સ, હેન્ડ ટૂલ્સ, **CNC/VME** મશીન, હાઈડ્રોલિક શીયરીંગ મશીન, એર કોમ્પ્રેસર, બ્લોઅર, પરીક્ષણ સાધનો, વૈજ્ઞાનિક સાધનો, ગિયરબોક્સ, એલિવેટર, કન્વેયર સિસ્ટમ, ઈલેક્ટ્રિક મોટર, લાઈટિંગ પોલ, ટ્રાન્સફોર્મર, કંટ્રોલ પેનલ વગેરે સહિત વિવિધ એન્જીનીયરીંગ ક્ષેત્રો સાથે સંબંધ ધરાવે છે. એન્જિએકસ્પો ૨૦૨૨ અમદાવાદમાં ૧૭ થી ૧૯ ડિસેમ્બર દરમ્યાન યોજાઈ રહ્યો છે, ત્યારે તેની આગામી આવૃત્તિ સુરતમાં ૧૮ થી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે. આગામી વર્ષે ૧૭ થી ૨૦ ડિસેમ્બર દરમ્યાન રાજકોટમાં તે પછીની આવૃત્તિ અને વડોદરામાં વર્ષ ૨૦૨૪માં ૧૭ થી ૧૯ ફેબ્રુઆરીમાં આયોજિત કરાશે.

# માણાવદરના દગડ ડેમ પાસે મૃત ઢોરવાડાની દુર્ગંધથી પ્રજાજનો ત્રાહિમામ



માણાવદર તા. ૧૫

માણાવદરની ભાજપ શાસિત પાલિકા સામે ખુદ ભાજપના જ સભ્યોએ અનેકવિધ પ્રજાહિતના કામોમાં ગેરરીતિ આચર્યાની વ્યાપક ફરીયાદો થઈ છે પરંતુ જનહિતમાં તપાસ થતી નથી તેવી ફરીયાદ પ્રજાજનોમાંથી ઉઠવા પામી છે. આવું જ કંઈક દગડ ડેમ પાસે મૃત ઢોરવાડો આવેલ છે તેના લીધે ચોમાસામાં ગંદો કચરો ડેમ ઓવરફલો થાયતે સાથે તણાઈને દગડ ડેમથી રસાલા ડેમ સુધીનું શુધ્ધ પાણી ભયાનક કચરાથી દુષીથ થાય છે અને પાણીના તળમાં મૃત ઢોરના લીધે ખરાબ જીવાણું પાણી સાથે ભળે છે અને તે પાણી વિતરણ તો થતું નથી ને? તેવું પ્રજામાં ચર્ચાઈ રહયું છે. તેમજ દડગ ડેમથી અડધો કિ.મી. સુધી આ મૃત પશુઓની દુર્ગંધથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે અને આ વિસ્તારમાં રોગચાળો ફેલાવવાનો પણ ભય લોકોમાં સેવાઈ રહયો છે. ત્યારે પાલિકા તંત્ર દ્વારા આ બાબતે જરૂરી ઉકેલ લાવવામાં આવે તેવી લોકમાંગણી ઉઠવા પામી છે.

# દેશમાં યુનિવર્સિટીઓ પણ રાજકારણનો અખાડો બની ગઈ છે. : ચિંતા

કેટલાય રાજ્યોમાં કુલપતિઓને લઈને જે હાલત લગભગ બે વર્ષમાં બની છે., તે રાજનીતિમાં સ્તરહીનતાના એવા પક્ષને ઉજાગર કરે છે, જે દેશના ભવિષ્યને ખરાબ રીતે પ્રભાવિત કરશે. વિશુદ્ધ રાજકીય કારણોસર કેટલાંક રાજ્યોમાં કુલપતી પદ પર નિયુક્તિને લઈને કુલાધિપતિ તથા રાજ્ય સરકારો વચ્ચે મતભેદ એ હદે પહોંચી ગયા છે કે તે દેશના ભવિષ્ય માટે સમસ્યા બની રહ્યા છે.

કેરળમાં રાજયપાલ આરિફ મોહંમદ ખાન અને રાજયની સરકાર વચ્ચે હાલમાં તકરારના સમાચારો વાંચવા મળી રહ્યા છે. એ પહેલા બંગાળમાં પણ એવું થઈ ચૂક્યું છે. આ કડવાશ પાછળ યુનિવર્સિટીઓમાં કુલપતિની નિયુક્તિનો મુદ્દો છે. રાજ્યોમાં કુલપતિની નિયુક્તિનો અધિકાર રાજ્યપાલના ક્ષેત્રાધિકારમાં છે. તેથી તેનો તોડ કાઢવા માટે કેટલીક રાજ્ય સરકારો વટહૂકમથી માંડીને ખરડાનો સહારો લઈ રહી છે. એવામાં આવનાર દિવસોમાં આ મુદ્દા પર તકરાર વધવાના અણસાર જ વધુ દેખાય છે. આ ટકરાવે લોકોનું ધ્યાન કુલપતિની નિયુક્તિ સાથે જોડાયેલી પ્રક્રિયા તરફ ખેંચ્યું છે. આ કોઈથી છૂપું નથી રહ્યું કે હાલમાં દોરમાં કેટલીય સંસ્થાઓના અવમૂલ્યનની જેમ કુલપતિ સંસ્થા પણ પતનનો શિકાર થઈ છે. કુલપતિઓ માટે લગભગ એવી જ ચર્ચા થાય છે. કે કોણ, કેવી રીતે અને કોની કૃપાથી નિયુક્ત મેળવી છે. લેવડદેવડની વાત પણ સામાન્ય થઈ ગઈ છે. એક રાજ્યમાં કુલાધિપતિ રહેલા મહામહિમ અનુસાર ત્યાં કુલપતિ પદ પર નિયુક્ત માટે કરોડો રૂપિયાના પ્રીમિયમની વાત કહેવાતી હતી. મોટાભાગના રાજ્યોમાં કુલપતિ સરકારી તંત્રના સંકેત/ અનુમતિ વિના કોઈ નિયુકત નથી કરી શકતા. કેટલીય યુનિવર્સિટીઓમાં સ્પષ્ટ જોઈ શકાય છે. કે સ્વાયતતાની સ્થિતિ કેટલી દમનીય થઈ ગઈ છે. નિયુક્તિ બાદ સચિવાલયોમાં કુલપતિ કઈ નજરે જોવામાં આવે છે એ પણ બધા જાણે છે. ભારતીય જ્ઞાનોપાર્જન પંરપરામાં કુલપતિઓ મતલબ એ વિદ્યાવાન જ્ઞાનમૂર્તિ તથા અનુકરણીય આચરણથી શોભતું વ્યક્તિત્વ થાય છે, જેનાથી સમાજ માર્ગદર્શનની અપેક્ષા રાખી શકે. આચાર્યોના પણ આચાર્ય હોવાના નાતે કુલપતિનું આચરણ તથા સત્યનિષ્ઠા તમામ માટે અનુકરણીય હોવા જોઈએ, પરંતુ આજે તેમની ચર્ચા ખોટાં કારણોસર થઈ રહી છે. આ ચર્ચામાં જ્ઞાન, આચરણ અને સમાજનું માર્ગદર્શન જેવા પક્ષ ગુમ છે. સામાન્ય જનને તો તેમની નિયુક્તિને લઈને વિસંગતિઓ અને ટકરાવના સમાચારો જ સાંભળવા મળે છે. સમયે સમયે કુલપતિઓના કદાચરણને લઈને થઈ રહેલ કાર્યવાહી પણ ઉજાગર થતી રહે છે. નિઃસંદેહ ભારતમાં પ્રજાતંત્રના મૂળ ઊંડાં છે, પરંતુ આ મૂળની આસપાસ તેમને કમજોર કરનારૂં નીંદણ પણ ઝડપથી વધી રહ્યું છે. તેમાં કુલપતિ પદની શાખ સતત ઘટવી પણ મોટો ભાગ ભજવે છે. આ પણ એક નૈતિક ક્ષરણ જેવું જ છે. જેની ઝલક ચારેબાજુ જોવા મળે છે. શું ૧૯૫૦માં કોઈ કલ્પના કરી શક્તું હતું કે જેલ ગયેલા મંત્રી પદ બની રહેશે ? એવી કોઈ વ્યવસ્થા નથી દેખાતી, જે આ ભયાવહ સ્થિતિનું સ્વતઃ સંજ્ઞાન લઈને કાર્યવાહી કરી શકે. લગભગ આજ સ્થિતિ ઉચ્ચ શિક્ષણમાં છે. જ્યાં અયોગ્ય વ્યક્તિની નિયુક્તિને રાજકીય સંરક્ષણ મળી જાય છે. મુશ્કેલી એ છે કે ભારતનો આક્રમક રહેનારો વિદ્વત વર્ગ પણ એવી સ્થિતિમાં મૌન ધારણ કરી લે છે.

જ્ઞાન અને નૈતિક્તા માટે પ્રાચીન કાળથી જ વખણાયેલા ભારતની આ સ્થિતિને અન્ય દેશો આશ્ચર્યથી જોઈ રહ્યા હશે. કોઈ પણ દેશનાં પતનનું મુખ્ય કારણ ત્યાંના બૌદ્ધિક વર્ગનું સ્વાર્થ તરફ ઢળવાનું મનાય છે. નેતાઓ પાસે વર્તમાન પેઢીની અપેક્ષાઓ તો અત્યંત સીમિત થઈ ગઈ છે, કારણ કે તેમનાં સ્વાર્થ અને વશંવાદનાં ઉદાહરણો કુખ્યાત છે, પરંતુ આજે પણ શિક્ષકથી લઈને કુલપતિ પાસે સદાચરણની અપેક્ષાઓમાં ઘટાડો નથી આવ્યો. ત્યાં જ ૧૯૪૭માં ફક્ત ૨૦ યુનિવર્સિટીઓની સંખ્યા હવે વધીને ૧૧૦૦ની નજીક પહોંચવા આવી છે. તેની સાથે જ કેટલાય પ્રશ્ન વ્યવસ્થા સામે ઊભા થયા છે. છેલ્લા કેટલાય દાયકામાં અનુભવે કહી શકાય કે આ પ્રશ્નોના જવાબ યુનિવર્સિટીના પરિવેશમાં જ શોધી શકાય.

એ કહેવું ખોટું નથી કે કેટલાય રાજ્યોમાં કુલપતિઓને લઈને હાલત લગભગ બે વર્ષમાં બની છે, તે રાજનીતિમાં સ્તરહીનતાના એવા પક્ષને ઉજાગર કરે છે, જે દેશમાં ભવિષ્યને ખરાબ રીતે પ્રભાવિત કરશે. વિશુદ્ધ રાજકીય કારણોસર કેટલાંક રાજ્યમાં કુલપતિ પદ પર નિયુક્તિને લઈને કુલાધિપતિ તથા રાજ્ય સરકારો વચ્ચે મતભેદ એ હદે પહોંચી ગયા છે કે તે દેશના ભવિષ્ય માટે સમસ્યા બની રહ્યા છે. એનાથી કાર્યસંસ્કૃતિમાં જે શિથિલતા આવે છે, તે યુવાઓના ભવિષ્યને પ્રભાવિત કરે છે. તેનું જલ્દી નિરાકરણ કુલપતિ પદની ગરિમા અને મર્યાદા જાઈવી રાખવા માટે જરૂરી છે. આ સમયે કુલપતિની પસંદગીની પ્રક્રિયા મોટાભાગે આ પ્રકારે સમજી શકાય છે કે રાજ્યોમાં સરકારી યુનિવર્સિટીઓમાં કુલાધિપતિ એક પસંદગી સમિતિની રચના કરે છે, જેમાં તેમનો નામિત વ્યકિત, રાજય સરકારનો નામિત વ્યક્તિ તથા વિષય વિશેષજ્ઞ હોય છે. પસંદગી સમિતિ તમામ અભ્યર્થીઓના વિવરણનું અધ્યયન કરે છે. તેમાંથી ૧૨-૧૫ લોકોને ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવે છે. ઈન્ટરવ્યૂ બાદ કેટલાક નામોની પેનલ સીલબંધ કવરમાં કુલાધિપતિને રજૂ કરવામાં આવે છે. કુલાધિપતિ તેમાંથી એક વ્યકિતની નિયુક્તિ કરી દે છે. ક્યાંક ક્યાંક કુલાધિપતિ એ પેનલમાં સામેલ તમામ અભ્યર્થીઓ સાથે ચર્ચા કર્યા બાદ નિર્ણય લે છે. કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં વિઝિટર એટલે કે રાષ્ટ્રપતિ દ્વારા પસંદગી સમિતિ રચાય છે. કેન્દ્રીય યુનિવર્સિટીઓની કાર્યસમિતિ પણ પોતાનો પ્રતિનિધિ નામિત કરે છે, જે સંબંધિત પસંદગી સમિતિનો સદસ્ય બની જાય છે.

સકારાત્મક તથ્ય એ જ છે કે રાજ્યોમાં જે સમસ્યાઓ ચિંતાનું કારણ બની જાય છે, તેવી સ્થિતિઓ કેન્દ્રીય યુનિવર્સિટીઓને લઈને નથી. રાજ્યોમાં પણ સ્થિતિ ફક્ત એક જ કારણસર બગડી છે અને તે એ જ કે યુનિવર્સિટીમાં સંપૂર્ણ સ્વાયતતાને નષ્ટ કરીને પોતાનું રાજકીય આધિપત્ય જમાવવું. એવા નેતાઓની માનસિક્તાનો એ સમર્પણ અને સંઘર્ષ સાથે કોઈ સંબંધ નથી, જેના આધાર પર આપણા રાષ્ટ્ર નિર્માતાઓએ બલિદાન આપીને પોતાના સપનાંના ભારતની સંકલ્પના કરી હતી. હવે તો સમર્પણની સંસ્કૃતિ સંગ્રહણની સંસ્કૃતિમા ફેરવાઈ રહી છે. જે દેશ માટે ઘાતક છે. દેશના વિદ્વત વર્ગે તેમાં પોતાની જવાબદારી નિર્ધારિત કરવી પડશે.

